RNI No. GUJGUJ /2008/26148
GARVI GUJARAT
# ગરવી ગુજરાત
અમદાવાદથી પ્રસિદ્ધ થતું દૈનિક
ગરવી ગુજરાત
Volume : 18
Issue : 171
Dt.: 03-03-2026,
Tuesday
Page : 04
Rs.00.50 paisa



ભારતને યૂરેનિયમ આપશે કેનેડા

## પીએમ મોદી અને પીએમ કાર્નીની મુલાકાત દરમિયાન અનેક કરાર પર થયા હસ્તાક્ષર

### બંને દેશો સ્મોલ મોડ્યુલર રિએક્ટર અને અદ્યતન રિએક્ટરો પર સાથે મળીને કામ કરશેઃ વેપારને $50 બિલિયન સુધી વધારવાનો લક્ષ્યાંક રાખ્યો



(સંપૂર્ણ સમાચાર સેવા)નવી દિલ્હી

વડાપ્રધાન નરેન્દ્ર મોદી અને તેમના કેનેડિયન સમકક્ષ માર્ક કાર્નીએ સોમવારે દિલ્હીમાં મુલાકાત કરી. આ દરમિયાન બંને દેશો વચ્ચે અનેક મહત્વના કરારો પર હસ્તાક્ષર થયા. બેઠક બાદ જાહેર કરવામાં આવેલા સંયુક્ત નિવેદનમાં પીએમ મોદીએ કહ્યું કે બંને દેશો વચ્ચે સિવિલ ન્યુક્લિયર એનર્જીમાં લાંબા ગાળા માટે યુરેનિયમ સપ્લાયનો એક મહત્વપૂર્ણ કરાર થયો છે. બંને દેશો સ્મોલ મોડ્યુલર રિએક્ટર અને અદ્યતન રિએક્ટરો પર સાથે મળીને કામ કરશે. હવે બંને દેશો વેપાર, ઊર્જા અને ટૅક્નોલૉજી જેવા ક્ષેત્રોમાં સહયોગ વધારીને સંબંધો સુધારવા માટે મક્કમ દેખાય છે. આ બેઠક દરમિયાન ભારત અને કેનેડાએ વર્ષ ૨૦૩૦ સુધીમાં દ્વિપક્ષીય વેપારને ૫૦ બિલિયન ડૉલર સુધી લઈ જવાનો મહત્ત્વાકાંક્ષી લક્ષ્યાંક રાખ્યો છે.

કેનેડાના વડાપ્રધાન માર્ક કાર્નીએ કહ્યું, છેલ્લા દાયકામાં પીએમ મોદીના નેતૃત્વમાં ભારત વિશ્વની સૌથી ઝડપથી વિકસતી અર્થવ્યવસ્થા બની ગયું છે. અહીં માથાદીઠ આવકનો વિકાસ એવો રહ્યો છે જે ઈતિહાસમાં બહુ ઓછો જોવા મળ્યો છે. કેનેડા તમારા આ જ ઉત્સાહ અને હેતુની ભાવનાને શેર કરે છે. મને લાગે છે કે આ નવા યુગમાં સફળતાનો માર્ગ ૨૦૨૩માં તમારા G20 અધ્યક્ષપદના વિષય 'One Earth, One Family, One Future' માં સારી રીતે દર્શાવવામાં આવ્યો છે, કારણ કે આપણા સમયના પડકારોને કોઈ પણ દેશ એકલો ઉકેલી શકતો નથી.

કેનેડાના વડાપ્રધાન માર્ક કાર્નીએ કહ્યું, છેલ્લા એક વર્ષમાં કેનેડા અને ભારતની સરકારો વચ્ચે જે સંવાદ થયો છે, તે છેલ્લા બે દાયકામાં થયેલા તમામ સંવાદો કરતા વધુ છે. આ માત્ર સંબંધોનું નવીકરણ નથી, પરંતુ નવા ઉત્સાહ, ધ્યાન અને દૂરદર્શિતા સાથે એક મૂલ્યવાન ભાગીદારીનો વિસ્તાર છે. આ બે આત્મવિશ્વાસુ દેશો વચ્ચેની ભાગીદારી છે, જેઓ પોતાના ભવિષ્યની દિશા પોતે નક્કી કરી રહ્યા છે.

પીએમ મોદીએ કહ્યું કે વિશ્વમાં ચાલી રહેલા અનેક તણાવો પર ભારતનું વલણ સ્પષ્ટ છે. અમે હંમેશા શાંતિ અને સ્થિરતા જાળવી રાખવાની વાત કરતા રહ્યા છીએ, અને જ્યારે બે લોકશાહી દેશો સાથે ઉભા રહે છે, ત્યારે શાંતિનો અવાજ વધુ મજબૂત બને છે. પશ્ચિમ એશિયાની વર્તમાન સ્થિતિ આપણા માટે ઊંડી ચિંતાનો વિષય છે. ભારત તમામ વિવાદોને સંવાદ અને રાજદ્વારી માધ્યમથી ઉકેલવાનું સમર્થન કરે છે અને ક્ષેત્રમાં તમામ ભારતીય નાગરિકોની સુરક્ષા સુનિશ્ચિત કરવા માટે તમામ દેશો સાથે ગાઢ સહયોગ ચાલુ રાખશે.

વડાપ્રધાન નરેન્દ્ર મોદીએ કહ્યું કે કેનેડા ભારત માટે ઈન્ડો-પેસિફિક ક્ષેત્રમાં એક મહત્વપૂર્ણ ભાગીદાર છે. અમે તેમના ઈન્ડિયન ઓશન રિમ એસોસિએશનમાં ડાયલોગ પાર્ટનર બનવામાં રસ દાખવવા બદલ સ્વાગત કરીએ છીએ, જેનાથી આપણા દરિયાઈ સહયોગમાં નવી ઊંડાઈ આવશે. તેમણે કહ્યું કે આતંકવાદ, ઉગ્રવાદ અને કટ્ટરવાદ માત્ર બંને દેશો માટે જ નહીં, પરંતુ સમગ્ર માનવતા માટે ગંભીર અને સમાન પડકાર છે. તેમની સામેનો આપણો ગાઢ સહયોગ વૈશ્વિક શાંતિ અને સ્થિરતા માટે મહત્વપૂર્ણ છે.

વડાપ્રધાન નરેન્દ્ર મોદીએ કહ્યું કે આપણા સંબંધોની સૌથી મોટી તાકાત લોકો વચ્ચેનું જોડાણ છે. આજે અમે તેને વધુ મજબૂત કરવા માટે અનેક મહત્વના નિર્ણયો લીધા છે. આર્ટિફિશિયલ ઈન્ટેલિજન્સ, આરોગ્ય, કૃષિ અને ઈનોવેશનના ક્ષેત્રોમાં ઘણી યુનિવર્સિટીઓ વચ્ચે નવી ભાગીદારીની જાહેરાત કરવામાં આવી છે. આ ઉપરાંત, કેનેડિયન યુનિવર્સિટીઓ દ્વારા ભારતમાં કેમ્પસ ખોલવા પર પણ સહમતિ બની છે. આદિવાસી અને જનજાતીય સમુદાય આપણી સમાન સાંસ્કૃતિક વિરાસતનો મહત્વપૂર્ણ હિસ્સો છે. બંને પક્ષો વચ્ચે આજે સાંસ્કૃતિક આદાનપ્રદાન વધારવા માટે એક MoU પર પણ હસ્તાક્ષર કરવામાં આવ્યા.

પીએમ મોદીએ કહ્યું કે ભારતમાં ઈન્ડિયા-કેનેડા પલ્સ પ્રોટીન સેન્ટર ઓફ એક્સેલેન્સ સ્થાપિત કરવામાં આવશે. તેમણે કહ્યું કે સંરક્ષણ અને સુરક્ષાના ક્ષેત્રમાં વધતો સહયોગ આપણા ઊંડા પરસ્પર વિશ્વાસ અને સંબંધોની પરિપક્વતાનું પ્રતીક છે. બંને દેશો સંરક્ષણ ઉદ્યોગ, દરિયાઈ ક્ષેત્રની દેખરેખ અને સૈન્ય આદાનપ્રદાનને પ્રોત્સાહન આપવા માટે કામ કરશે. આ હેતુથી આજે ઈન્ડિયા-કેનેડા ડિફેન્સ ડાયલોગ સ્થાપિત કરવાનો નિર્ણય લેવામાં આવ્યો.

CAMECO ના અધ્યક્ષ ટિમ ગિટ્ઝેલ અને કેનેડામાં ભારતના હાઈ કમિશનર દિનેશ પટનાયકે પરમાણુ ઉર્જા વિભાગ અને CAMECO વચ્ચે યુરેનિયમ અયસ્ક પુરવઠા કરારના દસ્તાવેજોનું આદાનપ્રદાન કર્યું.

પીએમ મોદીએ કહ્યું, આજે સાઈન કરવામાં આવેલા ક્રિટિકલ મિનરલ્સ પરના MoU થી સપ્લાય ચેઈનની મજબૂતી વધશે. અવકાશ ક્ષેત્રમાં અમે બંને દેશોના સ્ટાર્ટઅપ્સ અને ઉદ્યોગોને જોડીશું. ઉર્જા ક્ષેત્રમાં અમે આગલા સ્તરની ભાગીદારી બનાવી રહ્યા છીએ, જેમાં હાઈડ્રોકાર્બન્સ, રિન્યુએબલ એનર્જી, ગ્રીન હાઈડ્રોજન અને ઉર્જા સંગ્રહ પર વિશેષ ધ્યાન આપવામાં આવશે.

પીએમ મોદીએ કહ્યું, અમે ટેકનોલોજી અને ઈનોવેશનમાં સ્વાભાવિક ભાગીદાર છીએ. ભારત-કેનેડા ઈનોવેશન પાર્ટનરશિપ હેઠળ અમે નવા વિચારોને વૈશ્વિક ઉકેલોમાં બદલીશું. હું વડાપ્રધાન કાર્નીનો આભાર માનું છું કે તેમણે ગયા મહિને ભારતમાં આયોજિત AI ઈમ્પેક્ટ સમિટની સફળતામાં કેનેડાનું મહત્વનું યોગદાન આપ્યું. અમે AIની સાથે સાથે ક્વોન્ટમ, સુપર કોમ્પ્યુટિંગ અને સેમિકન્ડક્ટર્સમાં સહયોગ વધારીશું.

વડાપ્રધાન નરેન્દ્ર મોદીએ કહ્યું, અમને ખુશી છે કે કેનેડાએ આંતરરાષ્ટ્રીય સોલર એલાયન્સ અને ગ્લોબલ બાયોફ્યુઅલ એલાયન્સમાં સામેલ થવાનો નિર્ણય લીધો છે. આપણા સહિયારા પ્રયાસોને આગળ વધારવા માટે અમે આ વર્ષે ભારત-કેનેડા રિન્યુએબલ એનર્જી એન્ડ સ્ટોરેજ સમિટનું આયોજન કરીશું. સિવિલ ન્યુક્લિયર એનર્જીમાં અમે લાંબા ગાળા માટે યુરેનિયમ સપ્લાયનો એક મહત્વપૂર્ણ કરાર કર્યો છે. અમે સ્મોલ મોડ્યુલર રિએક્ટર અને અદ્યતન રિએક્ટરો પર પણ સાથે કામ કરીશું.

કેનેડાના આંતરરાષ્ટ્રીય વેપાર મંત્રી મનિન્દર સિદ્ધુ અને કેન્દ્રીય વાણિજ્ય મંત્રી પીયૂષ ગોયલે CEPA માટે ટર્મ્સ ઓફ રેફરન્સ અને સંયુક્ત પલ્સ પ્રોટીન સેન્ટર ઓફ એક્સેલન્સ પર ડિક્લેરેશન ઓફ ઈન્ટેન્ટના દસ્તાવેજોનું આદાનપ્રદાન કર્યું.

વડાપ્રધાન નરેન્દ્ર મોદીએ કહ્યું, હું મારા મિત્ર વડાપ્રધાન કાર્નીને આપણા સહયોગમાં વધતી ગતિ માટે શ્રેય આપું છું. ભારત અને કેનેડા લોકશાહી મૂલ્યોમાં અટલ વિશ્વાસ ધરાવે છે. અમે વિવિધતાની ઉજવણી કરીએ છીએ. માનવતાનું કલ્યાણ એ આપણી સમાન દ્રષ્ટિ છે. આ જ દ્રષ્ટિ આપણને દરેક ક્ષેત્રમાં આગળ વધવા માટે પ્રેરિત કરે છે. આજે અમે આ દ્રષ્ટિને આગલા સ્તરની ભાગીદારીમાં બદલવા પર ચર્ચા કરી. આપણું લક્ષ્ય ૨૦૩૦ સુધીમાં વેપારને ૫૦ બિલિયન ડોલર સુધી લઈ જવાનું છે. આર્થિક સહયોગની પૂરેપૂરી શક્યતાઓને અનલોક કરવી એ અમારી પ્રાથમિકતા છે. તેથી અમે ટૂંક સમયમાં વ્યાપક આર્થિક ભાગીદારી કરાર (Comprehensive Economic Partnership Agreement) ને અંતિમ સ્વરૂપ આપવાનો નિર્ણય લીધો છે. આનાથી બંને દેશોમાં નવા રોકાણ અને રોજગારીની તકો ઊભી થશે. કેનેડિયન પેન્શન ફંડ્સે ભારતમાં ૧૦૦ બિલિયન ડોલરનું રોકાણ કર્યું છે. તે ભારતના વિકાસની વાર્તામાં તેમના ઊંડા વિશ્વાસનું પ્રતીક છે. આજે અમે બંને દેશોના બિઝનેસ લીડર્સને પણ મળીશું. તેમના સૂચનો આપણી આર્થિક ભાગીદારીને વધુ મજબૂત બનાવશે.

કેનેડાના આંતરરાષ્ટ્રીય વેપાર મંત્રી મનિન્દર સિદ્ધુ અને ભારતના વિદેશ મંત્રી એસ. જયશંકરે પીએમ નરેન્દ્ર મોદી અને કેનેડાના પીએમ માર્ક કાર્નીની હાજરીમાં ભારત, કેનેડા અને ઓસ્ટ્રેલિયા વચ્ચે ટેકનોલોજી અને ઈનોવેશનમાં સહયોગ પર દ્વિપક્ષીય MoUના દસ્તાવેજોનું આદાનપ્રદાન કર્યું.

કેનેડાના પીએમ માર્ક કાર્ની સાથેની મુલાકાત બાદ વડાપ્રધાન નરેન્દ્ર મોદીએ કહ્યું, દુનિયામાં બહુ ઓછા લોકો છે જેમના સીવી (CV)માં બે દેશોમાં સેન્ટ્રલ બેંકિંગના નેતૃત્વનો સમાવેશ થાય છે. આપણી પ્રથમ મુલાકાત પછી આપણા સંબંધો વધુ મજબૂત થયા છે, અને પરસ્પર વિશ્વાસ અને સકારાત્મકતાએ ઝડપી ગતિ હાંસલ કરી છે.

વડાપ્રધાન નરેન્દ્ર મોદીએ કહ્યું, હું વડાપ્રધાન કાર્નીનું ભારતમાં સ્વાગત કરતા ખૂબ જ ખુશ છું. આ તેમની ભારતની પ્રથમ મુલાકાત છે. અમે તેને એક મહત્વપૂર્ણ સીમાચિહ્ન માનીએ છીએ. તેમણે ગયા વર્ષે કેનેડામાં ૮૭ બેઠકમાં મારું અને મારી ટીમનું ઉષ્માભર્યું સ્વાગત કર્યું હતું. આજે તેમનું આ જ ઉષ્મા સાથે સ્વાગત કરવું અમારા માટે સન્માનની વાત છે.

કેનેડાના વિદેશ મંત્રી અનીતા આનંદ અને ભારતના વિદેશ મંત્રી એસ. જયશંકરે પીએમ નરેન્દ્ર મોદી અને કેનેડાના પીએમ માર્ક કાર્નીની હાજરીમાં ત્રણ કરારો (MoUs) પર દસ્તાવેજોનું આદાનપ્રદાન કર્યું, જેમાં મહત્વપૂર્ણ ખનિજ સહયોગ, રિન્યુએબલ એનર્જીના ઉપયોગને પ્રોત્સાહન અને સાંસ્કૃતિક સહયોગ સામેલ છે.

## ઈરાન સંકટથી શેરબજારમાં ભૂકંપ, સેન્સેક્સ ૧૦૪૦ પોઈન્ટ તૂટ્યોઃ રોકાણકારોના ૬.૫ લાખ કરોડ સ્વાહા

### ઈરાન અને ખાડી દેશોમાં વધતા તણાવને કારણે ભારતીય શેરબજારમાં મોટો ભૂકંપ : સેન્સેક્સ અને નિફ્ટીમાં કડાકો

(સંપૂર્ણ સમાચાર સેવા)મુંબઈ

મધ્ય પૂર્વમાં સર્જાયેલી ઈરાન કટોકટીને પગલે ભારતીય શેરબજારમાં ભારે ગભરાટ અને અફરાતફરીનો માહોલ જોવા મળ્યો હતો, જેના કારણે મુંબઈ શેરબજારના મુખ્ય આંક સેન્સેક્સમાં ૧,૦૪૮ પોઈન્ટનો મોટો કડાકો નોંધાયો હતો. ઈરાનના સર્વોચ્ચ નેતાના અવસાન બાદ ખાડી દેશોમાં વધતા લશ્કરી તણાવ અને તેલના પુરવઠા પર ઊભા થયેલા જોખમને કારણે રોકાણકારોએ એક જ દિવસમાં અંદાજે ૬.૫ લાખ કરોડ રૂપિયાની સંપત્તિ ગુમાવી છે. વેપારની શરૂઆતથી જ દલાલ સ્ટ્રીટમાં વેચવાલીનું પ્રચંડ દબાણ જોવા મળ્યું હતું, જેના પરિણામે ભારતીય અર્થતંત્રના મહત્વના સૂચકાંકો ધરાશાયી થયા હતા. આજના વ્યવહાર દરમિયાન ભારતીય બજારે રોકાણકારોના શ્વાસ અધ્ધર કરી દીધા હતા. સેન્સેક્સ ૨,૭૪૩ પોઈન્ટના પ્રચંડ ઘટાડા સાથે ૭૮,૫૪૩.૭૩ ના સ્તરે ખુલ્યો હતો, જેણે શરૂઆતમાં જ મોટા નુકસાનના સંકેત આપ્યા હતા. જોકે, દિવસના અંતે બજારે થોડો રિકવરીનો પ્રયાસ કર્યો હતો અને આખરે સેન્સેક્સ ૧,૦૪૮.૩૪ પોઈન્ટ અથવા ૧.૨૯%ના ઘટાડા સાથે ૮૦,૨૩૮.૮૫ પર સ્થિર થયો હતો. તેવી જ રીતે, નેશનલ સ્ટોક એક્સચેન્જનો નિફ્ટી૫૦ ઈન્ડેક્સ પણ સુરક્ષિત રહ્યો નહોતો. નિફ્ટી ૩૧૨.૯૫ પોઈન્ટ અથવા ૧.૨૪%ના ઘટાડા સાથે ૨૪,૮૬૫.૭૦ ના સ્તરે બંધ રહ્યો હતો. આ ગગડાટને પગલે બીએસઈમાં લિસ્ટેડ કંપનીઓની કુલ બજાર મૂડી ઘટીને અંદાજે ૪૫૭ લાખ કરોડ રૂપિયા થઈ ગઈ છે. બજારમાં આવેલી આ સુનામીમાં ખાસ કરીને વાહન વ્યવહાર, તેલ અને ગેસ ક્ષેત્રના શેરોમાં સૌથી વધુ ધોવાણ જોવા મળ્યું હતું. સેન્સેક્સના ૩૦ મુખ્ય શેરોમાંથી ૨૭ શેરો લાલ નિશાન સાથે નુકસાનમાં બંધ થયા હતા. વિમાન સેવા આપતી ઈન્ડિગો અને બાંધકામ ક્ષેત્રની દિગ્ગજ કંપની એલએન્ડટીના શેરમાં ૫% થી વધુનો મોટો ઘટાડો નોંધાયો હતો. આ ઉપરાંત અદાણી પોર્ટ્સ, મારુતિ સુઝુકી, એશિયન પેઈન્ટ્સ, બજાજ ફિનસર્વ અને રિલાયન્સ જેવી મોટી કંપનીઓના ભાવમાં પણ નોંધપાત્ર ગાબડા પડ્યા હતા. જોકે, આ કપરા સમયમાં પણ ફાર્માસ્યુટિકલ અને ગ્રાહક ચીજવસ્તુઓના શેરો જેવા કે સન ફાર્મા અને આઈટીસીમાં સામાન્ય સુધારો જોવા મળ્યો હતો, જેણે બજારને વધુ પડતું નીચે જતું અટકાવ્યું હતું.

શેરબજારમાં અસ્થિરતા માપતો આંક એટલે કે વોલેટિલિટી ઈન્ડેક્સ ૨૫.૦૧% વધીને ૧૭.૧૩ પર પહોંચી ગયો છે, જે રોકાણકારોમાં વ્યાપેલા ડરને સ્પષ્ટપણે દર્શાવે છે. મધ્યમ અને નાની કંપનીઓના સૂચકાંકોમાં પણ અનુક્રમે ૧.૫૮% અને ૧.૭૫% નો ઘટાડો નોંધાયો હતો. આ કડાકા પાછળનું મુખ્ય કારણ ઈરાન અને ખાડી દેશો વચ્ચે યુદ્ધ જેવી સ્થિતિ છે. ઈરાને સાઉદી અરેબિયાની તેલ રિફાઈનરી સહિતના અનેક સ્થળોને નિશાન બનાવતા કાચા તેલના ભાવમાં આંતરરાષ્ટ્રીય બજારમાં ૧૦% થી વધુનો ઉછાળો આવ્યો છે. મોંઘા તેલને કારણે ભારતીય રૂપિયાના મૂલ્યમાં પણ ઘટાડો થયો છે. વધુમાં, વિદેશી સંસ્થાકીય રોકાણકારો દ્વારા ૭,૫૩૬ કરોડ રૂપિયાની કરવામાં આવેલી વેચવાલીએ બળતામાં ઘી હોમવાનું કામ કર્યું હતું.

## ઈરાન પર હુમલા બાદ ભારતમાં હિંસા ફાટી નિકળવાની આશંકાઃ ગૃહ મંત્રાલયે તમામ રાજ્યોને આપી ચેતવણી

(સંપૂર્ણ સમાચાર સેવા)નવી દિલ્હી

ઈરાનના સર્વોચ્ચ નેતાના મૃત્યુ બાદ, ગૃહ મંત્રાલયે રાષ્ટ્રવ્યાપી સુરક્ષા ચેતવણી જારી કરી છે, જેમાં રાજ્યોને દૂતાવાસો પર સુરક્ષા વધારવા અને સંભવિત આતંકવાદી ધમકીઓ અને વિરોધ પ્રદર્શનો પર નજર રાખવા સૂચના આપવામાં આવી છે.

કેન્દ્રીય ગૃહ મંત્રાલયે રાજ્યોને પત્ર લખીને ઈરાન પર ઈઝરાયલ-અમેરિકાના હુમલાને પગલે ભારતમાં સંભવિત હિંસા અંગે ચેતવણી આપી છે. ૨૮ ફેબ્રુઆરીના રોજ પ્રસારિત થયેલા આ પત્રમાં રાજ્યોને "ઈરાન તરફી કટ્ટરપંથી ઉપદેશકોને ઓળખવા" કહેવામાં આવ્યું છે જે ભડકાઉ ઉપદેશ આપી રહ્યા છે.

ગૃહ મંત્રાલયે ઈરાન પર અમેરિકા અને ઈઝરાયલી હુમલાઓ બાદ સંભવિત હિંસા અને છૂટાછવાયા વિરોધ પ્રદર્શનો અંગે દેશભરના વિવિધ રાજ્યોને ચેતવણી જારી કરી છે. ૨૮ ફેબ્રુઆરીના રોજ ઈરાની નેતા આયાતુલ્લાહ અલી ખામેનીની હત્યા બાદ દેશભરમાં ફાટી નીકળેલા શિયા સમુદાયના વિરોધ પ્રદર્શનોને ધ્યાનમાં રાખીને આ ચેતવણી આપવામાં આવી છે. મંત્રાલયે સ્પષ્ટતા કરી છે કે આંતરરાષ્ટ્રીય ઘટનાક્રમ ભારતની આંતરિક સુરક્ષાને અસર કરી શકે છે, અને સુરક્ષા એજન્સીઓએ ઉચ્ચ ચેતવણી પર રહેવું જોઈએ.

રાજ્યોને મોકલવામાં આવેલા સૂચનોમાં તેમને ઈરાન તરફી અને ઈરાન વિરોધી જૂથોની પ્રવૃત્તિઓ પર નજીકથી નજર રાખવા વિનંતી કરવામાં આવી છે. ખાસ કરીને, ઈરાની, યુએસ અને ઈઝરાયલી દૂતાવાસો અને કોન્સ્યુલેટની આસપાસ સુરક્ષા પગલાં કડક કરવામાં આવ્યા છે.

ગરવી ગુજરાત
ગુજરાતી
JioTV
CHENNAL NO. 3010
TATA PLAY
CHENNAL NO. 2111
Jio Air Fiber
Jio Tv +
Jio Fiber
Daily Hunt
ebaba Tv
Dish Plus
DTH live OTT
Rock TV
Airtel
Amezone Fire
Rocu Tv-US.UK
દેશ-દુનિયાના મહત્વપૂર્ણ સમાચારોની માહિતી મેળવવા માટે આજે જ ગરવી ગુજરાત ગુજરાતી ચેનલ નિહાળો

## ઈરાનની પરમાણુ સાઈટ પર હુમલો કરાયોઃ રેડિએશન ફેલાવાનું જોખમઃ ઈરાનના રાજદૂતે પુષ્ટિ કરી

### ઈરાને આ હુમલાને તેની શાંતિપૂર્ણ ચાલી રહેલી પરમાણુ ગતિવિધિઓ પર સીધો હુમલો જણાવ્યો હતો

(સંપૂર્ણ સમાચાર સેવા)તેહરાન

અમેરિકા-ઈઝરાયેલે ઈરાનની પરમાણુ સાઈટ પર હુમલો કર્યો હોવાનું સામે આવ્યું છે. રોયટર્સની રિપોર્ટ પ્રમાણે સંયુક્ત રાષ્ટ્ર પરમાણુ નિરીક્ષક સંસ્થામાં ઈરાનના રાજદૂત રઝી નજફીએ જણાવ્યું કે ઈરાનના નાતાન્ઝ પરમાણુ સંકુલને અમેરિકા અને ઈઝરાયલે ટાર્ગેટ કર્યું છે. હુમલાની પુષ્ટિ કરતા નજાફીએ આંતરરાષ્ટ્રીય પરમાણુ ઊર્જા એજન્સીની બોર્ડ મીટિંગમાં પત્રકારોને જણાવ્યું કે "અમેરિકા અને ઈઝરાયલે ફરીથી ઈરાનના શાંતિપૂર્ણ અને દેખરેખ હેઠળની પરમાણુ સુવિધાઓ પર હુમલો કર્યો." આ મામલે રોઈટર્સ દ્વારા પૂછવામાં આવ્યું કે કઈ પરમાણુ સાઈટને નિશાન બનાવવામાં આવી છે ત્યારે રઝી નજફીએ જણાવ્યું નટાન્ઝ પરમાણુ સાઈટ પર હુમલો કરવામાં આવ્યો છે. આપને જણાવી દઈએ કે આંતરરાષ્ટ્રીય પરમાણુ ઊર્જા એજન્સી એટલે કે IAEAના ૩૫ દેશના બોર્ડ ઓફ ગવર્નર્સની બેઠકમાં નજફી દ્વારા આ નિવેદન આપવામાં આવ્યું છે. ઈરાને આ હુમલાને તેની શાંતિપૂર્ણ ચાલી રહેલી પરમાણુ ગતિવિધિઓ પર સીધો હુમલો જણાવ્યો.

ઈરાન દ્વારા જાહેર કરવામાં આવેલા નિવેદન બાદ સંગઠન દ્વારા માનવામાં આવ્યું કે રેડિએશનના ખતરાને આ મુદ્દે નકારી ન શકાય. જોકે આ મામલે અમેરિકા કે ઈઝરાયલ દ્વારા કોઈ પુષ્ટિ કરવામાં નથી આવી જેથી એવું માનવામાં આવી રહ્યું છે કે અમેરિકા અને ઈઝરાયલ પર દબાણ બનાવવા આ ઈરાનનો એક પ્રયાસ હોઈ શકે. આ પહેલા દુબઈમાં આવેલી ઓઈલ રિફાઈનરી અરામકો પર ઈરાને હુમલો કરી દીધો છે. આપને જણાવી દઈએ કે આ દુનિયાની સૌથી મોટી તેલ કંપની છે. સાથે જ ઈરાન દ્વારા ઈઝરાયેલ, કતાર અને બહેરીન પર પણ હુમલો કરવામાં આવ્યો છે. સાઉદી અરબ દ્વારા સરકારી તેલ કંપની અરામકો પર ડ્રોન હુમલા બાદ રાસ તનુરા તેલ રિફાઈનરીને બંધ કરી દીધી છે. જેથી એવી માહિતી પણ સામે આવી છે કે બ્રેંટ ક્રૂડ ઓઈલની કિંમત ૯.૩૨ ટકા વધી જવાની છે.

જે જગ્યાએ ઈરાન દ્વારા હુમલો કરવામાં આવ્યો છે, તે જગ્યા સાઉદીની સૌથી સ્ટ્રેટેજિક સાઈટ પૈકીની એક છે. આ હુમલા બાદ પ્રોસેસિંગ કોમ્પ્લેક્સમાં આગ લાગી ગઈ હતી. જોકે એવી માહિતી સામે આવી છે કે આગ પર કાબૂ મેળવી લેવામાં આવ્યો અને કોઈ જાનહાનિ નથી થઈ. જોકે આ ઘટના જરૂરી એનર્જી ઈન્ફ્રાસ્ટ્રક્ચરને લઈને ચિંતાનો વિષય બની છે.

સાઉદીના રક્ષા મંત્રાલયના પ્રવક્તાએ અલ અરબિયા ટીવીથી કહ્યું કે આ હુમલામાં કોઈ સામાન્ય નાગરિક ઘાયલ નથી થયા. સાથે જ તેમણે કહ્યું અરામકોના રાસ તનુરા પર ૨ ડ્રોન રોકવામાં આવ્યા હતા. જોકે આ પરિસ્થિતિને લઈને વિશ્વમાં ૪ વર્ષ બાદ ક્રૂડ ઓઈલની કિંમતોમાં ઉછાળો આવ્યો છે. કારણકે હોર્મુજ સ્ટ્રેટથી વેપાર રોકાઈ ગયો છે. આ એક એવો રસ્તો છે જ્યાંથી રોજ દુનિયાના પાંચમા હિસ્સાનું કાચું તેલ જાય છે.

# તંત્રી લેખ......

## ખામેની પછી ઈરાનનું ભવિષ્ય, બાહ્ય દબાણ સામે પ્રતિકાર વધશે

ઈઝરાયલે પહેલાથી જ અમેરિકા સાથે સંયુક્ત કાર્યવાહીમાં ઈરાન પર હુમલો કરી ચૂક્યું છે. હુમલાના પ્રારંભિક તબક્કામાં ઈરાનના સર્વોચ્ચ નેતા, આયાતુલ્લાહ અલી ખામેનીનું મૃત્યુ, બંને દેશોના ઈરાદાઓને સ્પષ્ટપણે દર્શાવે છે. એ સ્પષ્ટ છે કે તેઓએ ઈરાનમાં ફક્ત વિનાશ જ નહીં, પણ શાસન પરિવર્તન પર પણ નજર રાખી છે. યુએસ પ્રમુખ ડોનાલ્ડ ટ્રમ્પે ઈરાની લોકોને તેમના દેશનો નિયંત્રણ લેવા માટે હાકલ પણ કરી છે, અને કહ્યું છે કે તેઓ ક્યારેય જાણતા નથી કે આવી તક ફરીથી ક્યારે ઊભી થશે.

ઈરાન પરનો આ હુમલો કોઈપણ નિકટવર્તી ખતરા કરતાં યુએસ સ્થાપનાની રાજકીય ગણતરીઓ, ઈઝરાયલની સુરક્ષા ચિંતાઓ અને કહેવાતા ડોનરો સિદ્ધાંતની આક્રમક મહત્વાકાંક્ષાઓનું પરિણામ છે. ડોનરો સિદ્ધાંત દ્વારા, ટ્રમ્પ યુએસ પ્રભુત્વને નોંધપાત્ર રીતે વિસ્તૃત કરવાનો પ્રયાસ કરે છે. આ વર્ષની શરૂઆતમાં વેનેઝુએલામાં બળવો અને ગ્રીનલેન્ડ પર કડક વલણ આ વ્યૂહરચનાનો ભાગ હતું. ઈરાન પરનો આ મોટો હુમલો આ વ્યૂહરચનાનો એક ભાગ છે.

જ્યારે યુએસ એજન્ડા ઈરાનમાં શાસન પરિવર્તન હોઈ શકે છે, ઈતિહાસ બતાવે છે કે જ્યાં સમાજ, સૈન્ય અને રાજ્ય ઊંડાણપૂર્વક સ્થાપિત છે, ત્યાં ફક્ત બાહ્ય બોમ્બમારો સત્તા માળખાને બદલી શકતો નથી. ખામેનીના મૃત્યુના સંદર્ભમાં, ટ્રમ્પ વહીવટ કાં તો ટોચના નેતૃત્વને શુદ્ધ કરવા અને વાસ્તવિક શાસન પરિવર્તન વચ્ચેના તફાવતને સમજવામાં નિષ્ફળ જાય છે અથવા અવગણી રહ્યું છે. એ યાદ રાખવું જોઈએ કે ઈસ્લામિક રિપબ્લિક ઓફ ઈરાન એક વ્યક્તિની સરમુખત્યારશાહી નથી, પરંતુ સમાંતર સંસ્થાઓ સાથેનું એક હાઈબ્રિડ મોડેલ છે.

આ મોડેલમાં રિવોલ્યુશનરી ગાર્ડ , બાસીજ મિલિશિયા, ગાર્ડિયન કાઉન્સિલ, નિષ્ણાતોની સભા, ન્યાયતંત્ર અને મોટા ધાર્મિક-આર્થિક ટ્રસ્ટનું નેટવર્ક શામેલ છે, જે બધા સુપ્રીમ લીડરની વૈચારિક કાયદેસરતાના છત્ર હેઠળ છે. તે રાજકીય, આર્થિક અને સામાજિક પાસાઓને નિયંત્રિત કરે છે જ્યારે દમનનો પણ આશરો લે છે. આ માળખાના એક છેડાનો નાશ કરવાથી તે સમાપ્ત થતું નથી, પરંતુ તેને વધુ ખતરનાક બનાવે છે.

વર્તમાન પરિસ્થિતિઓમાં, ઈરાનમાં ઉભરતા સંભવિત દૃશ્યોમાં આઈઆરજીસી દ્વારા કેન્દ્રમાં એક પ્રતીકાત્મક મૌલવી સાથે કમાન્ડ લેવાનો સમાવેશ થાય છે. આ મુલ્લા-શાસનને લશ્કરી શાસનથી બદલશે, જ્યારે પ્રણાલીગત સરમુખત્યારશાહી અકબંધ રહેશે. બીજા દૃશ્યમાં, ધાર્મિક દળો અને પ્રાંતીય કમાન્ડરો વચ્ચે આઈઆરજીસીની અંદર લાંબા સમય સુધી સંઘર્ષ અને જૂથવાદનો સંઘર્ષ વિકસી શકે છે, જેના કારણે અસ્પષ્ટ સત્તા વહેંચણી અને હિંસક અસ્થિરતા થઈ શકે છે.

ત્રીજું દૃશ્ય લોકપ્રિય બળવો હોઈ શકે છે, જેમાં જાન્યુઆરીમાં થયેલા વ્યાપક વિરોધ પ્રદર્શનો અને ખામેનીની હત્યાથી ઉત્પન્ન થયેલી લાગણીઓ એક નવું રાજકીય સંતુલન સ્થાપિત કરવાના પ્રયાસ તરફ દોરી શકે છે. જો કે, સંગઠનાત્મક માળખાનો અભાવ અને નેતૃત્વ શૂન્યાવકાશ આ શક્યતાને અશક્ય બનાવે છે. ચોથું દૃશ્ય વ્યાપક અરાજકતા હોઈ શકે છે. જ્યારે આ થવાની શક્યતા હાલમાં ઓછી છે, જો તે થાય છે, તો પ્રાદેશિક અને વૈશ્વિક વ્યવસ્થા માટે પરિણામો વિનાશક હશે. ભૂતકાળનો અનુભવ દર્શાવે છે કે હવાઈ હુમલા પરમાણુ સ્થાપનોનો નાશ કરી શકે છે, હરીફ સેનાઓને બેઅસર કરી શકે છે અને નેતાઓની હત્યા કરી શકે છે, પરંતુ તેઓ રાજ્યના આંતરિક રાજકીય માળખાને સંપૂર્ણપણે બદલી શકતા નથી. લિબિયા સિવાય, એવું કોઈ ઉદાહરણ નથી કે જ્યાં હવાઈ હુમલા અને મર્યાદિત ભૂમિ હસ્તક્ષેપથી સ્થિર અને લોકશાહી શાસન સ્થાપિત થયું હોય. જો કે, આજે, તે દેશ પણ અરાજકતામાં છે. તેનાથી વિપરીત, ઈરાનનો પ્રતિકારનો લાંબો ઈતિહાસ છે. તે પ્રમાણમાં સાધનસંપન્ન પણ છે.

### ખેડૂતોના મુદ્દે શરૂ થયેલ AAPની યાત્રાને ખેડૂતોનું વ્યાપક સમર્થન મળ્યું: પ્રવીણ રામ AAP

# AAPની "પરિવર્તન લાવો, ખેડૂત બચાવો યાત્રા" જસદણ પહોંચી

### જસદણમાં ભાજપ સરકાર વિરુદ્ધ કોઈ અવાજ ઉઠાવે તો તેના ઘરે GEBના દરોડા પડે છે, દંડ ફટકારવામાં આવે છે: પ્રવીણ રામ AAP

અમદાવાદ/રાજકોટ/ ગાંધીનગર

આમ આદમી પાર્ટીના ફ્રન્ટલ સંગઠન પ્રદેશ અધ્યક્ષ પ્રવીણ રામ, આમ આદમી પાર્ટીના પ્રદેશ યુવા પ્રમુખ બ્રીજરાજ સોલંકી તેમજ આપ નેતા જીગીશાબેન પટેલ દ્વારા જસદણમાં પત્રકાર પરિષદનું આયોજન કરવામાં આવ્યું હતુ. આ પત્રકાર પરિષદને સંબોધન કરતા આમ આદમી પાર્ટીના ફ્રન્ટલ અધ્યક્ષ પ્રવીણ રામે જણાવ્યું હતું કે આજે મને આનંદ છે કે સોમનાથથી શરૂ કરેલી "પરિવર્તન લાવો, ખેડૂત બચાવો યાત્રા", આજે ઘેલા સોમનાથમાં દર્શન કરશે. તેમણે વધુમાં જણાવ્યું કે હોળી- ધૂળેટીને સૌને શુભકામના પાઠવું છું. પરંતુ દુઃખની વાત એ છે કે ભાજપના ઘરે દિવાળી છે અને ખેડૂતોના ઘરે હોળી છે. ભાજપના લોકોના કેટલાકના ઘરમાં ભ્રષ્ટાચારથી પૈસાના ખિસ્સા ભરેલા છે, જ્યારે મારા ખેડૂતના ઘર ખાલી છે.એટલા માટે ખેડૂતો માટે ૧૦૮ દિવસની લાંબી જેલ યાત્રા કાપ્યા બાદ આમ આદમી પાર્ટી દ્વારા આ યાત્રાનું આયોજન કરવામાં આવ્યું છે. સોમનાથથી શરૂ થયેલી આ યાત્રા ખેડૂતોના પ્રશ્નોને લઈને સમગ્ર રાજ્યમાં ફરી રહી છે. ભારત-અમેરિકા ટ્રેડ ડીલથી ખેડૂતોને થનારી સંભાવિત નુકસાની જેવા મુદ્દાઓ પર જાગૃતિ લાવવા માટે વિવિધ વિસ્તારોમાં મુલાકાત લેવામાં આવી રહી છે અને સારો પ્રતિસાદ મળી રહ્યો છે.૮મી તારીખે ગાંધીનગર ખાતે વિશાળ જનસભાનું આયોજન કરવામાં આવશે. સ્થાનિક મુદ્દાઓ અંગે ચર્ચા કરતા તેમણે જણાવ્યું કે રસ્તાઓની સ્થિતિ, રેલ સુવિધાની અછત, સિંચાઈના પાણીના પ્રશ્નો, હાઈટેન્શન લાઈનની સમસ્યાઓ, વીજળી તથા પાકના યોગ્ય ભાવ ન મળવાના પ્રશ્નો આજે પણ યથાવત છે.મને જાણવા મળ્યું છે કે ભાજપના લોકો દ્વારા અહીં રેલ આપવાની વાતો થાય છે. રેલ તો આપવામાં આવી નથી, પરંતુ જો ખેડૂત પોતાનો અવાજ ઉઠાવે, તો અમારા જેવા લોકોને જેલ મળે છે, જસદણના લોકોને જેલ મળે છે,આ વાત નજર સામે છે. પ્રવીણ રામે વધુમાં જણાવ્યું હતું કે બીજી વાત એ પણ જાણવા મળી છે કે અહીંયા આમ આદમી પાર્ટીની મિટિંગ કોઈપણ વિસ્તારમાં થાય અથવા કોઈ ભાજપ વિરુદ્ધ અવાજ ઉઠાવે, તો તેમના ઘરે સરકારી એજન્સીઓના દરોડા પડે છે અને દંડ ફટકારવામાં આવે છે. અહીં સ્થિતિ એવી છે કે ભાજપને ફંડ મળે છે અને સામાન્ય ખેડૂતોને દંડ મળે છે,જસદણની આ પરિસ્થિતિ દુઃખદ છે. અહીં ખેડૂતોના અનેક પ્રશ્નો છે, સિંચાઈના પાણીની અછત, હાઈટેન્શન લાઈનની સમસ્યાઓ, વીજળીના પ્રશ્નો તથા અન્ય મૂળભૂત સુવિધાઓની કમી. ઉપરાંત પાકની મોંઘી ખેતી ખર્ચ સામે યોગ્ય ભાવ ન મળવાનો પ્રશ્ન પણ ગંભીર છે. આ પરિસ્થિતિમાં ભાજપના સ્થાનિક નેતાઓને મારી નમ્ર અપીલ છે કે દંડ ફટકારવાની જગ્યાએ ખેડૂતોની સુખાકારી માટે આગામી દિવસોમાં ચોક્કસ અને અસરકારક પગલાં ભરો. ચૂંટણી આવે ત્યારે ખાતમુહૂર્ત અને વચનો આપતા રહેશો, પરંતુ હકીકતમાં ખેડૂતોના પ્રશ્નોનું ઉકેલ લાવવો વધુ જરૂરી છે.ચોમાસા પહેલાં ખાતર, પાણી અને સહાય અંગે આયોજન કરવું જરૂરી છે. ખેડૂતોના પ્રશ્નો પર તથ્ય આધારિત અને ગંભીરતાપૂર્વક કાર્ય કરો. અન્યથા આમ આદમી પાર્ટી ખેડૂતોની વચ્ચે જઈ રહી છે અને ગુજરાતના ખેડૂતો આવનારી તાલુકા પંચાયત અને જિલ્લા પંચાયતની ચૂંટણીમાં પરિવર્તન તરફ આગળ વધી રહ્યા છે એવો અમને પૂર્ણ વિશ્વાસ છે.

ત્યારબાદ પ્રેસ કોન્ફરન્સમાં આમ આદમી પાર્ટીના પ્રદેશ યુવા પ્રમુખ બ્રીજરાજ સોલંકીએ પોતાની વાત રજુ કરતા જણાવ્યું હતું કે, આજે આમ આદમી પાર્ટીની "પરિવર્તન લાવો, ખેડૂત બચાવો યાત્રા" જસદણ પહોંચી છે અને આજે ત્રણથી ચાર ગામડાઓમાં અમે મીટીંગ પણ કરી ચૂક્યા છીએ, જેમાં હજારો ખેડૂતોનું સમર્થન આમ આદમી પાર્ટી અને અમારા ખેડૂત નેતા પ્રવીણ રામને મળ્યું છે. જસદણ-વિંછીયા ખાતે જે સ્થાનિકોના પ્રશ્નો છે, ખેડૂતોના પ્રશ્નો છે, તેને લઈને આમ આદમી પાર્ટી વિવિધ રીતે આંદોલનો કરશે. સાથે સાથે ખેડૂતોના દેવા માફીનો પ્રશ્ન હોય, સિંચાઈનું પાણી પહોંચાડવાનો પ્રશ્ન હોય, એમએસપીનો કાયદો બનાવવાની પ્રશ્નો હોય, લાંબા ગાળાની કૃષિ નીતિઓ બનાવવાનો પ્રશ્ન હોય, આવા તમામ મુદ્દે અમે યાત્રા લઈને નીકળ્યા છીએ. ૮ માર્ચે આ યાત્રાનું સમાપન થશે અને ગાંધીનગર ખાતે મહાસભામાં આમ આદમી પાર્ટીના રાષ્ટ્રીય સંયોજક અને દિલ્હીના પૂર્વ મુખ્યમંત્રી અરવિંદ કેજરીવાલજી પોતાની હાજરી આપશે અને ખેડૂતો માટે અવાજ ઉઠાવશે.

## વડોદરા મંડળ દ્વારા હોળી પર્વના પ્રસંગે વિશેષ ટ્રેનોનું સંચાલન, મંડળ રેલવે મેનેજર રાજૂ ભડકે એ કરી વડોદરા સ્ટેશનની મુલાકાત




હોળી પર્વ દરમિયાન યાત્રીઓની વધારાની ભીડને ધ્યાનમાં રાખતાં પશ્ચિમ રેલવેના વડોદરા મંડળ દ્વારા વડોદરા રેલવે સ્ટેશન પર સર્વગ્રાહી વ્યવસ્થાઓ કરવામાં આવી છે. વિશેષ રૂપે ઉત્તર ભારત તરફ હોળી ઉજવવા માટે યાત્રા કરનારા યાત્રીઓની સુવિધા માટે વધારાની સ્પેશિયલ ટ્રેનો ચલાવવામાં આવી રહી છે.

વ્યવસ્થાઓનું નિરીક્ષણ કરવા માટે મંડળ રેલવે મેનેજર શ્રી રાજૂ ભડકે એ સિનિયર અધિકારીઓની સાથે આજે વડોદરા સ્ટેશનની મુલાકાત લીધી.

તેમણે ભીડ નિયંત્રણ, યાત્રી સુવિધાઓ, ટિકિટ વ્યવસ્થા, સ્વચ્છતા અને સુરક્ષા વ્યવસ્થાપનની સમીક્ષા કરી.આ અવસર પર મંડળ રેલવે મેનેજર શ્રી રાજૂ ભડકે એ જણાવ્યું કે નિયમિત ટ્રેનો ઉપરાંત વડોદરાથી ગોરખપુર, મઊ અને જયપુર (ખાતીપુરા) મુકામો માટે વિશેષ ટ્રેનોનું સંચાલન કરવામાં આવી રહ્યું છે. આ વિશેષ ટ્રેનોના સંચાલનથી તહેવાર દરમિયાન વધારાની ભીડનું સુવ્યવસ્થિત વ્યવસ્થાપન કરવામાં આવી રહ્યું છે જેનાથી યાત્રીઓને સુરક્ષિત, આરામદાયક અને સમયબદ્ધ યાત્રા સુવિધા ઉપલબ્ધ થશે. અત્યાર સુધી વડોદરાથી આ ત્રણેય વિશેષ ટ્રેનોની કુલ ૧૪ યાત્રાઓ (ટ્રિપ્સ) નું જાહેરનામું બહાર પાડવામાં આવ્યું છે.

તેમણે વધુમાં જણાવ્યું કે પશ્ચિમ રેલવેના વડોદરા મંડળના અધિકારી વડોદરા સ્ટેશન પર ભીડની સ્થિતિની સતત દેખરેખ રાખી રહ્યા છે. વધારાના સ્ટાફની જમાવટ, પ્રભાવક ઉદઘોષણા વ્યવસ્થા, સ્વચ્છતા પર વિશેષ ધ્યાન તથા સુદ્રઢ સુરક્ષા વ્યવસ્થાપન સુનિશ્ચિત કરવામાં આવ્યા છે, જેથી યાત્રીઓને કોઈપણ પ્રકારની અસુવિધા ન થાય. વડોદરા મંડળ યાત્રીઓને સુરક્ષિત, સુગમ અને સુવિધાજનક રેલવે સેવા ઉપલબ્ધ કરાવવા માટે હંમેશા પ્રતિબદ્ધ છે.

### ૧૬મીએ જેલમાંથી છૂટ્યો, દોઢ કલાકમાં ૧૩ તાળાં તોડ્યા

## ૬ વર્ષમાં ૧૮ ચોરી કરનારો ચોર જેલમાંથી છૂટીને ૧૩મા દિવસે ચોરી કરતા ઝડપાયો

(સંપૂર્ણ સમાચાર સેવા)અમદાવાદ

શહેરના જજીસ બંગલો રોડ પર આવેલા અક્ષરધામ કોમ્પ્લેક્સમાં આવેલી કુલ ૧૩ દુકાનોના તાળા તૂટ્યા હતા. ૧૩ પૈકી બે દુકાનમાંથી ૫૩ હજારની મતા ચોરી થઈ હતી. વસ્ત્રાપુર પોલીસ પેટ્રોલિંગમાં હતી તે જ સમયે એક શખ્સ તાળાં તોડવાના પાના સાથે શંકાસ્પદ હાલતમાં મળી આવતા પોલીસે તેને રંગેહાથ ઝડપી પાડ્યો હતો. પોલીસે તપાસ કરતા પકડાયેલા ચોરે છ વર્ષમાં ૧૮ ચોરીને અંજામ આપ્યો હોવાનો ગુનાઈત ઈતિહાસ સામે આવ્યો હતો. આરોપી ૧૩ દિવસ પહેલાં જ જેલમાંથી છૂટ્યો હતો અને ચોરી કરતા ફરી ઝડપાઈ જતા જેલના સળિયા ગણવાનો વારો આવ્યો છે. બોડકદેવમાં રહેતા મયુરીકાબેન ભાવસાર જજીસ બંગલો રોડ પર આવેલા અક્ષરધામ કોમ્પ્લેક્સમાં બ્યુટી પાર્લર ધરાવે છે. ગત શુક્રવારે મયુરીકાબેનની દુકાનનું તાળું તૂટ્યું હોવાની તેમને જાણ કરી હતી. જેથી મયુરીકાબેન તાત્કાલિક દુકાને પહોંચ્યા હતા ત્યાં તપાસ કરતા તસ્કરોએ તેમની દુકાનમાંથી રોકડા ૩૦ હજારની ચોરી હતી. આ જ કોમ્પ્લેક્સમાં આવેલા ડેન્ટલ ક્લિનિકમાં પણ તસ્કરોએ ૨૩ હજાર રોકડાની ચોરી કરી હતી. કોમ્પ્લેક્સના લોકો ભેગા થઈ જતા તસ્કરોએ અહીં આવેલી અન્ય ૧૧ દુકાનના પણ તાળાં તોડ્યા હોવાનું સામે આવ્યું હતું. તે જ સમયે વસ્ત્રાપુર પોલીસ પેટ્રોલિંગમાં હતી ત્યારે એક શંકાસ્પદ શખ્સને તાળાં તોડવાના પાના સાથે ઝડપી પાડ્યો હતો. પોલીસે આરોપી વિષ્ણુપ્રસાદ ઉર્ફે બંગાલી પંડિત (રહે. જીવરાજપાર્ક)ની પૂછપરછ કરતા તેણે જ આ ૧૩ દુકાનોના તાળાં તોડ્યા હોવાની કબૂલાત કરી હતી. આરોપીએ વર્ષ ૨૦૨૧થી હાલ સુધીમાં ૧૮ જગ્યાએ ચોરી કરી હોવાનો ગુનાઈત ઈતિહાસ સામે આવ્યો છે. સાથે જ તે બે વાર ભૂજ અને રાજકોટ જેલમાં પાસાની સજા ભોગવી ચૂક્યો છે. પોલીસે આરોપીની ધરપકડ કરી વધુ તપાસ હાથ ધરી છે. આરોપી વિષ્ણુપ્રસાદ ઉર્ફે બંગાલી પંડિત મૂળ ઓરિસ્સાનો છે. તે જીવરાજપાર્ક બ્રિજ નીચે રહે છે. તેણે આનંદનગર, સેટેલાઈટ, પાલડી, યુનિવર્સિટી, વસ્ત્રાપુર જેવા પોશ વિસ્તારોમાં કુલ ૧૮ ચોરી કરી હતી.

### મોદીએ ઈઝરાયેલી PM, UAEના રાષ્ટ્રપતિ સાથે કરી વાત

# ૯૦ લાખ ભારતીયો પર તોળાઈ રહ્યું છે સંકટ

(સંપૂર્ણ સમાચાર સેવા)નવી દિલ્હી

મીડિલ ઈસ્ટ હાલ ભડકે બળ્યું છે. અમેરિકા અને ઈઝરાયેલે કરેલા હુમલાઓ બાદ ઈરાન આઉટ ઓફ કંટ્રોલ થઈ ગયું છે કારણ કે તેના સુપ્રીમ લીડર ખામેનેઈ સહિત ૪૦થી વધુ ધૂરંધર નેતાઓના મોત થયા છે. ઈરાને ઈઝરાયેલ ઉપરાંત અમેરિકાના સાથી એવા ૭થી વધુ દેશો પર હુમલા કર્યા છે. અત્રે જણાવવાનું કે ખાડી દેશોમાં ભારતીયોની સંખ્યા પણ ખુબ વધુ છે. આશરે ૯૦ લાખથી વધુ ભારતીયો ખાડી દેશોમાં કામ કરે છે. ત્યારે આ ભારતીયોની સુરક્ષા પણ ખતરામાં પડી છે.

ઈરાન અને ઈઝરાયેલ વચ્ચે ચાલી રહેલા યુદ્ધ વચ્ચે પીએમ મોદીએ ઈઝરાયેલના પ્રધાનમંત્રી બેન્જામીન નેતન્યાહૂ સાથે ફોન પર વાત કરી છે. પીએમ મોદીએ સોશિયલ મીડિયા પર પોસ્ટ શેર કરીને આ અંગે જાણકારી આપી અને કહ્યું કે ભારત આ વધતા તણાવ અને સામાન્ય નાગરિકોની સુરક્ષા અંગે ખુબ ચિંતિત છે. પીએમ મોદીની આ પહેલ સુરક્ષા મામલાઓની કેબિનેટ સમિતિની બેઠક બાદ સામે આવી છે. આ બેઠકમાં ગૃહમંત્રી અમિત શાહ, રક્ષામંત્રી રાજનાથ સિંહ, અને એનએસએ અજીત ડોભાલ જેવા દિગ્ગજ હાજર હતા. ભારતની સૌથી મોટી ચિંતા ખાડી દેશોમાં રહેતા ૯૦ લાખથી વધુ ભારતીયોની સુરક્ષા અને હોર્મૂઝ જલરસ્તો છે. કારણ કે ત્યાંથી થઈને ક્રૂડ ઓઈલ ભારત આવે છે.

મળતી માહિતી મુજબ પીએમ મોદીએ પશ્ચિમ એશિયામાં વધતા તણાવને લઈને બેન્જામિન નેતન્યાહૂ સાથે ફોન પર વાત કરી. તેમણે સ્થિત પર ઊંડી ચિંતા વ્યક્ત કરી અને કહ્યું કે નાગરિકોની સુરક્ષા સૌથી મોટી પ્રાથમિકતા હોવી જોઈએ. તેમણે સમગ્ર મિડલ ઈસ્ટમાં જલદી હિંસા થોભે તેના પર ભાર મૂક્યો. અત્રે જણાવવાનું કે ઈરાનના સુપ્રીમ લીડર અયાતુલ્લા અલી ખામેનેઈના મોત બાદ સ્થિતિ ખુબ બગડી છે.

મળતી માહિતી મુજબ ઈરાનમાં લગભગ ૧૦ હજાર ભારતીયો રહે છે. ઈઝરાયેલમાં ૪૦ હજારથી વધુ ભારતીયો છે. જ્યારે સમગ્ર પશ્ચિમ એશિયા અને ખાડી દેશોમાં લગભગ ૯૦ લાખ જેટલા ભારતીયો કામ કરે છે. સ્થિતિ બગડે તો તેમને સુરક્ષિત લિફ્ટ ક રવાની પણ યોજના પર વિચાર કરાયો છે. વિસ્તારમાં અનેક જગ્યાએ હવાઈ સેવાઓ પ્રભાવિત છે. દોહા જેવા મોટા શહેરોમાં અનેક ભારતીયો ફસાયા છે. યુએઈમાં પણ ભારતીયો ફસાયા હોવાનું સામે આવ્યું છે. પીએમ મોદીએ રવિવારે રાતે યુએઈના રાષ્ટ્રપતિ શેખ મોહમ્મદ બિન ઝાયદ અલ નાહયાન સાથે પણ વાત કરી અને ખાડી દેશો પર થયેલા હુમલાની ટીકા કરી. પીએમ મોદીએ કહ્યું કે ભારત આ મુશ્કેલ સમયમાં યુએઈ સાથે પૂરેપૂરી એકજૂથતા સાથે ઊભું છે. પીએમ મોદીએ ખાડી દેશમાં રહેતા ભારતીય સમુદાયની સુરક્ષા સુનિશ્ચિત કરવા માટે યુએઈના રાષ્ટ્રપતિનો આભાર વ્યક્ત કર્યો અને કહ્યું કે ભારત તણાવ ઘટાડવાનો, ક્ષેત્રીય સુરક્ષા શાંતિ અને સુરક્ષા તથા સ્થિરતાનું સમર્થન કરે છે. અત્રે જણાવવાનું કે અધિકારીઓએ રવિવારે પુષ્ટિ કરી કે છેલ્લા બે દિવસમાં સંયુક્ત આરબ અમીરાતમાં થયેલા ઈરાની હુમલાઓમાં ૩ લોકોના મોત થયા છે અને એક ભારતીય સહિત ૫૮ લોકો ઘાયલ થયા છે.

## ફરી રોહિત-વિરાટ કોહલી ટીમ ઈન્ડિયાની જર્સીમાં કરશે વાપસી

(સંપૂર્ણ સમાચાર સેવા)નવી દિલ્હી

રોહિત શર્મા અને વિરાટ કોહલી હવે ફક્ત વનડેમાં જ રમે છે. જેના કારણે જ્યારે પણ તેઓ મેદાનમાં ઉતરે છે, ત્યારે ફેન્સ માટે તેમને એક્શનમાં જોવા એક લ્હાવો છે. રોહિત શર્મા અને વિરાટ કોહલી છેલ્લે ન્યુઝીલેન્ડ સામેની સિરીઝમાં રમ્યા હતા. હવે તે સીધા IPLમાં જોવા મળશે. ત્યારે બધાના મનમાં સવાલ હતો કે બંને ટીમ ઈન્ડિયાની જર્સીમાં ફરી ક્યારે જોવા મળશે, જેની હવે જાહેરાત થઈ ગઈ છે.

BCCIએ જાહેરાત કરી છે કે અફઘાનિસ્તાનની ટીમ ભારતના પ્રવાસે આવશે. બંને દેશો વચ્ચે એક ટેસ્ટ અને ત્રણ મેચની ODI સિરીઝનું આયોજન કરવામાં આવ્યું છે. આ સિરીઝ દ્વારા રોહિત અને વિરાટ વાપસી કરશે. ભારત અને અફઘાનિસ્તાન ૧૪ જૂને ધર્મશાલામાં ટકરાશે. ત્યારબાદ બંને અનુભવી ખેલાડીઓ ૧૭ જૂને લખનૌ અને ૨૦ જૂને ચેન્નાઈમાં એક્શનમાં જોવા મળશે. ન્યુઝીલેન્ડ સામે ODI સિરીઝ સમાપ્ત થયા પછી રોહિત શર્મા અને વિરાટ કોહલી હવે IPL 2026 પર ધ્યાન કેન્દ્રિત કરશે. રોહિત શર્માએ ટુર્નામેન્ટની તૈયારીઓ શરૂ કરી દીધી છે. તેના પ્રેક્ટિસ સેશનની કેટલીક તસવીરો પણ સામે આવી છે. વિરાટ કોહલી પણ હાલમાં ભારતમાં છે અને ટૂંક સમયમાં RCB પ્રેક્ટિસ કેમ્પમાં જોડાઈ શકે છે.

### ખેતીવાડી ઉત્પન્ન બજાર સમિતિ

માર્કેટયાર્ડ ખેડ-તસીયા રોડ હિંમતનગર ફોન :

ભાવ ૨૦ કીલો મુજબ - તારીખ મુજબ આવક માલ ભાવ - સોમવાર, ૦૨/૦૩/૨૦૨૬

| અં.નં. | આઈટમ વિગત | આવક | નીચો ભાવ | ઉચો ભાવ |
|---|---|---|---|---|
| ૧ | ઘઉં | ૪૨૧ | ૪૭૦.૦૦ | ૬૦૧.૦૦ |
| ૨ | મગફળી | ૦ | ૧,૧૦૦.૦૦ | ૧,૬૦૦.૦૦ |
| ૩ | એરંડા | ૬૦ | ૧,૨૪૦.૦૦ | ૧,૨૪૬.૦૦ |
| ૪ | રાયડો | ૨૫ | ૧,૦૫૦.૦૦ | ૧,૧૩૧.૦૦ |
| ૫ | બાજરી | ૦ | ૪૬૦.૦૦ | ૫૩૦.૦૦ |
| ૬ | મકાઇ | ૦ | ૩૦૦.૦૦ | ૩૫૦.૦૦ |
| ૭ | ચણા ( કાબુલી ) | ૨૦ | ૧,૨૫૦.૦૦ | ૧,૫૯૦.૦૦ |
| ૮ | વરીયાળી | ૦ | ૧,૦૦૦.૦૦ | ૧,૪૦૦.૦૦ |
| ૯ | જીરૂ | ૦ | ૨,૦૦૦.૦૦ | ૩,૦૦૦.૦૦ |

મુનિમજી સોફ્ટવેર

## મક્કામાં ફસાયા સુરતના ૫૦૦ થી વધુ હાજી : ઈરાન-ઈઝરાયેલ યુદ્ધ વચ્ચે હવાઈ સેવા રદ : સાંસદ ધવલ પટેલે જાહેર કરી હેલ્પલાઈન

પ્રતિનિધિ,ગાંધીનગર

ઈરાન-ઈઝરાયેલ વચ્ચે વણસી રહેલી યુદ્ધ જેવી પરીસ્થિતિને કારણે સમગ્ર મધ્ય પૂર્વ એશિયામાં હવાઈ પરીવહન પર માઠી અસર પડી છે. ફ્લાઈટ રદ થતા સુરત જિલ્લાના ૫૦૦ થી વધુ શ્રધ્ધાળુઓ હાલ મક્કા મદીનામાં ફસાઈ ગયા હોવાના સમાચાર પ્રાપ્ત થઈ રહ્યા છે.

પવિત્ર રમઝાન માસમાં ઉમરાહ કરવા ગયેલા આ યાત્રાળુઓના પરીવારજનો અત્યારે ભારે ચિંતામાં મુકાયા છે. મળતી માહિતી મુજબ સુરત જિલ્લાના મોસાલી, કઠોર, ખોલવડ, કોસંબા, ઓલપાડ, માંગરોળ અને તડકેશ્વર જેવા ગ્રામ્ય વિસ્તારમાંથી મોટી સંખ્યામાં લોકો રમઝાન મહિના અગાઉ ઉમરાહ માટે સાઉદી અરેબીયા ગયા હતા. ઉમરાહ ની ધાર્મિક વિધિઓ પૂર્ણ થયા બાદ જયારે તેમના વતન પરત ફરવાનો સમય થયો ત્યારે જ યુદ્ધની સ્થિતિ સર્જાતા આંતરરાષ્ટ્રીય ફ્લાઈટો અચોકકસ મુદત માટે સ્થગિત કરી દેવામાં આવી છે. યાત્રાળુઓ રમઝાન પૂર્વે મક્કા મદિના પહોચી ગયા હતા.



ઉમરાહ ના ૧૦ દિવસનો સમય વિત્યા બાદ ઉભી થયેલી યુદ્ધની પરીસ્થિતી વચ્ચે દુબઈ સહિતના મહત્વના એરપોર્ટ પર ફ્લાઈટ રદ થઈ હતી. જેના કારણે ઈન્ડીગો, સ્પાઈસજેટ અને આકાશા જેવી એરલાઈન્સનુ સંચાલન અનિશ્ચિત બન્યુ છે. જેને પગલે મક્કામાં રોકાયેલા હાજીઓ વતન પરત આવવા ચિંતિત બન્યા છે.

ફ્લાઈટ કયારે શરૂ થશે તે અંગે કોઈ સ્પષ્ટતા ન હોવાથી શ્રધ્ધાળુઓની મુંઝવણ વધી છે. વતનમાં રહેલા હાજીઓના પરીવારજનોએ ભારત સરકારને નમ્ર વિનંતી કરી છે કે મધ્ય પૂર્વ ની આ ગંભીર સ્થિતિને ધ્યાનમાં રાખીને ફસાયેલા ભારતીય શ્રધ્ધાળુઓ માટે ખાસ વિમાનની વ્યવસ્થા કરવામાં આવે, સુરક્ષિત રીતે તમામ યાત્રાળુઓ વહેલી તકે પોતાના ઘરે પરત ફરે તે માટે વહિવટી તંત્ર અને કેન્દ્ર સરકાર સત્વરે પગલા ભરે તેવી માંગ ઉઠી છે.

હાલમાં પ્રવર્તી રહેલી આંતરરાષ્ટ્રીય તણાવપૂર્ણ સ્થિતિના લીધે હવાઈ મુસાફરીની ઉભી થયેલી કટોકટીમાં ડાંગ, વલસાડ અને નવસારી જિલ્લાના કોઈ યાત્રીઓ ગલ્ફ દેશોમાં અટવાયા હોય તો વલસાડ-ડાંગના સાંસદ ધવલ પટેલના કાર્યાલય દ્વારા હેલ્પલાઈન શરૂ કરવામાં આવી છે. જેનો નંબર ૮૧૪૦૩ ૪૭૭૧૩ છે.

ગરવી ગુજરાત



ગરવી ગુજરાત

- એક શુભેચ્છક

RNI No. GUJGUJ/2008/26148 Printed, Published & Owned by AJAYKUMAR RAMANLAL PRAJAPATI and Printed By (1) JIGNESH RASHIKBHAI GAJJAR at Vansh Corporation, A/8, Shayona Golden Estate, Shahibag, Ahmedabad - 380 004
(2) DESAI RAHUL MAHESHBHAI at Bhavani Offset, "Bhatiya Ni Wadi, Opp Kalupur Railway Station, Kalupur, Ahmedabad-380 002. (3) HADIK MAHESHBHAI DESAI at Bhoomi Offset, "Bhatiya Ni Wadi, Opp Kalupur Railway Station, Kalupur, Ahmedabad-380 002
and Published from TF-01, Nanakram Super Market, Ramnagar, Sabarmati, Ahmedabad - 380 005. Editor : AJAYKUMAR RAMANLAL PRAJAPATI
Rage.Office: TF-01, Nanakram Super Market, Ramnagar, Sabarmati, Ahmedabad - 380 005 Gujarat,India. Phone : (O) 9016333307(M)9328333307,9825333307
Email : garvigujarat2007@gmail.com • garvigujarat2007@yahoo.com • Website : www.garvigujarat.co.in

# ડેઈલી માર્કેટ રિપોર્ટઃ ક્રૂડ તેલના વાયદામાં રૂ.૫૧૦નો ઉછાળોઃ સોનાનો વાયદો રૂ.૧.૬૯ લાખ અને ચાંદીનો વાયદો રૂ.૩.૦૨ લાખના સ્તરને પાર

## કોમોડિટી વાયદાઓમાં રૂ.૪૯૨૩૫.૮૬ કરોડ અને કોમોડિટી ઓપ્શન્સમાં રૂ.૧૩૯૬૬૨.૨૭ કરોડનું ટર્નઓવરઃ સોના-ચાંદીના વાયદાઓમાં રૂ. ૩૯૨૪૧.૪૯ કરોડનાં કામકાજઃ બુલિયન ઈન્ડેક્સ બુલડેક્સ વાયદો ૪૧૬૭૦ પોઈન્ટના સ્તરે

મુંબઈઃ દેશના અગ્રણી કોમોડિટી ડેરિવેટિવ્ઝ એક્સચેન્જ એમસીએક્સ પર વિવિધ કોમોડિટી વાયદા, ઓપ્શન્સ તથા ઈન્ડેક્સ ફ્યુચર્સ અને ઓપ્શન્સમાં રૂ.૧૮૮૮૯૮.૮૮ કરોડનું ટર્નઓવર નોંધાયું હતું. કોમોડિટી વાયદાઓમાં રૂ.૪૯૨૩૫.૮૬ કરોડનાં કામકાજ થયાં હતાં.

કોમોડિટી વાયદા પરના ઓપ્શન્સમાં રૂ.૧૩૯૬૬૨.૨૭ કરોડનું નોશનલ ટર્નઓવર નોંધાયું હતું. બુલિયન ઈન્ડેક્સ બુલડેક્સ માર્ચ વાયદો ૪૧૬૭૦ પોઈન્ટના સ્તરે ટ્રેડ થઈ રહ્યો હતો. કોમોડિટી ઓપ્શન્સમાં કુલ પ્રીમિયમ ટર્નઓવર રૂ.૫૦૩૦.૮૨ કરોડનું થયું હતું.


કીમતી ધાતુઓમાં સોના-ચાંદીના વાયદાઓમાં રૂ. ૩૯૨૪૧.૪૯ કરોડનાં કામકાજ થયાં હતાં. એમસીએક્સ સોનું એપ્રિલ વાયદો ૧૦ ગ્રામદીઠ રૂ.૧૬૫૫૦૧ના ભાવે ખૂલી, ઉપરમાં રૂ.૧૬૯૬૭૯ અને નીચામાં રૂ.૧૬૫૨૧૭ના મથાળે અથડાઈ, રૂ.૧૬૨૧૦૪ના આગલા બંધ સામે રૂ.૬૯૧૪ વધી રૂ.૧૬૯૦૧૮ના સ્તરે પહોંચ્યો હતો. ગોલ્ડ-ગિની માર્ચ વાયદો ૮ ગ્રામદીઠ રૂ.૬૪૯૭ વધી રૂ.૧૩૮૧૪૬ના ભાવે ટ્રેડ થઈ રહ્યો હતો. ગોલ્ડ-પેટલ માર્ચ વાયદો ૧ ગ્રામદીઠ રૂ.૭૮૨ વધી રૂ.૧૭૩૨૮ થયો હતો. સોનું-મિની એપ્રિલ વાયદો ૧૦ ગ્રામદીઠ રૂ.૭૦૩૯ વધી રૂ.૧૬૯૦૭૫ થયો હતો. ગોલ્ડ-ટેન માર્ચ વાયદો ૧૦ ગ્રામદીઠ રૂ.૧૬૨૭૬૧ના ભાવે ખૂલી, ઉપરમાં રૂ.૧૭૨૦૦૦ અને નીચામાં રૂ.૧૬૨૭૬૧ના મથાળે અથડાઈ, રૂ.૧૬૨૨૭૪ના આગલા બંધ સામે રૂ.૭૬૦૦ વધી રૂ.૧૬૯૮૭૪ના ભાવે બોલાયો હતો.

ચાંદીના વાયદાઓમાં ચાંદી મે વાયદો કિલોદીઠ રૂ.૨૮૨૬૪૪ના ભાવે ખૂલી, ઉપરમાં રૂ.૨૯૭૭૯૯ અને નીચામાં રૂ.૨૮૨૬૪૩ના મથાળે અથડાઈ, રૂ.૨૮૨૬૪૪ના આગલા બંધ સામે રૂ.૧૩૯૩૫ વધી રૂ.૨૯૬૫૭૯ થયો હતો. કિલોદીઠ ચાંદી-મિની એપ્રિલ વાયદો રૂ.૧૫૮૧૬ વધી રૂ.૩૦૧૫૫૩ થયો હતો. ચાંદી-માઈક્રો એપ્રિલ વાયદો રૂ.૧૫૭૧૨ વધી રૂ.૩૦૧૪૬૯ના સ્તરે પહોંચ્યો હતો.

બિનલોહ ધાતુઓમાં રૂ. ૨૭૫૮.૩૨ કરોડનાં કામકાજ થયાં હતાં. કિલોદીઠ તાંબું માર્ચ વાયદો રૂ.૫.૭ વધી રૂ.૧૨૨૮.૦૫ના સ્તરે પહોંચ્યો હતો. જસત માર્ચ વાયદો રૂ.૪.૭ વધી રૂ.૩૩૧.૨૫ના સ્તરે પહોંચ્યો હતો. એલ્યુમિનિયમ માર્ચ વાયદો રૂ.૧૦.૭ વધી રૂ.૩૨૩.૫ના સ્તરે પહોંચ્યો હતો. સીસું માર્ચ વાયદો ૬૦ પૈસા વધી રૂ.૧૯૦.૧૫ થયો હતો.

એનર્જી સેગમેન્ટમાં રૂ. ૭૦૫૬.૮૯ કરોડનાં કામકાજ થયાં હતાં. એમસીએક્સ ઈલેક્ટ્રિસિટી માર્ચ વાયદો એમડબલ્યુએચદીઠ રૂ.૪૦૦૦ના ભાવે ખૂલી, ઉપરમાં રૂ.૪૦૧૮ અને નીચામાં રૂ.૩૮૯૧ના મથાળે અથડાઈ, રૂ.૯૩ ઘટી રૂ.૩૯૫૯ના ભાવે ટ્રેડ થઈ રહ્યો હતો. ક્રૂડ તેલ માર્ચ વાયદો બેરલદીઠ રૂ.૬૨૧૦ના ભાવે ખૂલી, ઉપરમાં રૂ.૬૭૩૩ અને નીચામાં રૂ.૬૨૧૦ના મથાળે અથડાઈ, રૂ.૬૦૯૨ના આગલા બંધ સામે રૂ.૫૧૦ વધી રૂ.૬૬૦૨ થયો હતો. ક્રૂડ તેલ-મિની માર્ચ વાયદો રૂ.૫૧૦ વધી રૂ.૬૬૦૬ થયો હતો. નેચરલ ગેસ માર્ચ વાયદો એમએમબીટીયુદીઠ રૂ.૯.૨ વધી રૂ.૨૭૧.૫ના ભાવે ટ્રેડ થઈ રહ્યો હતો. નેચરલ ગેસ-મિની માર્ચ વાયદો રૂ.૯.૪ વધી રૂ.૨૭૧.૭ના ભાવે બોલાયો હતો.

કૃષિચીજોના વાયદાઓમાં મેન્થા તેલ માર્ચ વાયદો કિલોદીઠ રૂ.૯૫૭.૯ના ભાવે ખૂલી, રૂ.૧.૮ વધી રૂ.૯૫૬.૧ થયો હતો. એલચી માર્ચ વાયદો કિલોદીઠ રૂ.૨૫૦૦ના ભાવે ખૂલી, રૂ.૭ વધી રૂ.૨૫૧૫ થયો હતો. કામકાજની દૃષ્ટિએ એમસીએક્સ પર સોનાના વિવિધ વાયદાઓમાં રૂ. ૨૭૦૪૩.૩૭ કરોડ અને ચાંદીના વિવિધ વાયદાઓમાં રૂ. ૧૨૧૯૮.૧૩ કરોડનાં કામકાજ થયાં




હતાં. તાંબાંના વાયદાઓમાં રૂ. ૧૮૦૬.૨૪ કરોડ, એલ્યુમિનિયમ અને એલ્યુમિનિયમ-મિનીના વાયદાઓમાં રૂ. ૪૯૦.૬૭ કરોડ, સીસું અને સીસું-મિનીના વાયદાઓમાં રૂ. ૧૬.૭૪ કરોડ, જસત અને જસત-મિનીના વાયદાઓમાં રૂ. ૪૪૪.૬૭ કરોડનાં કામકાજ થયાં હતાં. ઈલેક્ટ્રિસિટીના વાયદામાં રૂ. ૧૮.૮૭ કરોડનાં કામકાજ થયાં હતાં. ક્રૂડ તેલ અને ક્રૂડ તેલ-મિનીના વાયદાઓમાં રૂ. ૫૧૧૮.૨૦ કરોડનાં કામકાજ થયાં હતાં. નેચરલ ગેસ અને નેચરલ ગેસ-મિનીના વાયદાઓમાં રૂ. ૧૯૧૯.૮૨ કરોડનાં કામ થયાં હતાં.

ઓપન ઈન્ટરેસ્ટ સોનાના વાયદાઓમાં ૯૭૪૯ લોટ, સોનું-મિનીના વાયદાઓમાં ૭૬૧૬૦ લોટ, ગોલ્ડ-ગિનીના વાયદાઓમાં ૨૬૧૯૩ લોટ, ગોલ્ડ-પેટલના વાયદાઓમાં ૩૭૭૩૯૧ લોટ અને ગોલ્ડ-ટેનના વાયદાઓમાં ૫૦૯૭૪ લોટના સ્તરે હતો. ચાંદીના વાયદાઓમાં ૭૪૪૮ લોટ, ચાંદી-મિનીના વાયદાઓમાં ૧૭૪૦૪ લોટ અને ચાંદી-માઈક્રો વાયદાઓમાં ૫૯૪૦૦ લોટના સ્તરે રહ્યો હતો. ઈલેક્ટ્રિસિટીના વાયદાઓમાં ૧૧૭૭ લોટ, ક્રૂડ તેલના વાયદાઓમાં ૨૩૩૩૬ લોટ, નેચરલ ગેસના વાયદાઓમાં ૨૭૫૪૧ લોટના સ્તરે રહ્યો હતો. ઈન્ડેક્સ ફ્યુચર્સની વાત કરીએ તો, બુલડેક્સ માર્ચ વાયદો ૪૧૬૩૦ પોઈન્ટના સ્તરે ખૂલી, ઉપરમાં ૪૧૬૭૦ પોઈન્ટના સ્તર અને નીચામાં ૪૧૫૦૨ પોઈન્ટના સ્તરને સ્પર્શી, ૧૧૮૯ પોઈન્ટ વધી ૪૧૬૭૦ પોઈન્ટના સ્તરે ટ્રેડ થઈ રહ્યો હતો.

કોમોડિટી વાયદા પરના ઓપ્શન્સમાં કોલ ઓપ્શન્સની વાત કરીએ તો, ક્રૂડ તેલ માર્ચ રૂ.૬૫૦૦ની સ્ટ્રાઈક પ્રાઈસવાળો કોલ ઓપ્શન બેરલદીઠ રૂ.૨૧૦.૪ વધી રૂ.૪૫૪.૨ થયો હતો. જ્યારે નેચરલ ગેસ માર્ચ રૂ.૨૮૦ની સ્ટ્રાઈક પ્રાઈસવાળો કોલ ઓપ્શન એમએમબીટીયૂદીઠ રૂ.૪.૧૫ વધી રૂ.૧૪.૧ થયો હતો.

સોનું માર્ચ રૂ.૨૦૦૦૦૦ની સ્ટ્રાઈક પ્રાઈસવાળો કોલ ઓપ્શન ૧૦ ગ્રામદીઠ રૂ.૫૬૭ વધી રૂ.૮૭૧ થયો હતો. આ સામે ચાંદી માર્ચ રૂ.૪૦૦૦૦૦ની સ્ટ્રાઈક પ્રાઈસવાળો કોલ ઓપ્શન કિલોદીઠ રૂ.૮૩૬ વધી રૂ.૩૨૫૯.૫ થયો હતો. તાંબું માર્ચ રૂ.૧૩૦૦ની સ્ટ્રાઈક પ્રાઈસવાળો કોલ ઓપ્શન કિલોદીઠ રૂ.૧.૬૫ વધી રૂ.૧૫.૨૩ના ભાવે બોલાયો હતો. જસત માર્ચ રૂ.૩૪૦ની સ્ટ્રાઈક પ્રાઈસવાળો કોલ ઓપ્શન કિલોદીઠ ૫૭ પૈસા ઘટી રૂ.૩.૨૪ના ભાવે બોલાયો હતો.

મિની કોલ ઓપ્શન્સમાં ક્રૂડ તેલ-મિની માર્ચ રૂ.૬૬૦૦ની સ્ટ્રાઈક પ્રાઈસવાળો કોલ ઓપ્શન બેરલદીઠ રૂ.૧૯૪.૪ વધી રૂ.૪૧૮.૪૫ થયો હતો. નેચરલ ગેસ-મિની માર્ચ રૂ.૨૭૦ની સ્ટ્રાઈક પ્રાઈસવાળો કોલ ઓપ્શન એમએમબીટીયૂદીઠ રૂ.૫.૧ વધી રૂ.૧૮.૩૫ થયો હતો. સોનું-મિની માર્ચ રૂ.૧૭૦૦૦૦ની સ્ટ્રાઈક પ્રાઈસવાળો કોલ ઓપ્શન ૧૦ ગ્રામદીઠ રૂ.૩૩૫૦ વધી રૂ.૫૬૩૩ થયો હતો. ચાંદી-મિની માર્ચ રૂ.૩૦૦૦૦૦ની સ્ટ્રાઈક પ્રાઈસવાળો કોલ ઓપ્શન કિલોદીઠ રૂ.૬૭૨૩ વધી રૂ.૨૪૬૯૦.૫ થયો હતો.

પુટ ઓપ્શન્સની વાત કરીએ તો, ક્રૂડ તેલ માર્ચ રૂ.૬૫૦૦ની સ્ટ્રાઈક પ્રાઈસવાળો પુટ ઓપ્શન બેરલદીઠ રૂ.૨૫૨.૬ ઘટી રૂ.૪૧૧ના ભાવે બોલાયો હતો. જ્યારે નેચરલ ગેસ માર્ચ રૂ.૨૭૦ની સ્ટ્રાઈક પ્રાઈસવાળો પુટ ઓપ્શન એમએમબીટીયૂદીઠ રૂ.૪ ઘટી રૂ.૧૬.૮૫ થયો હતો.

સોનું માર્ચ રૂ.૧૬૦૦૦૦ની સ્ટ્રાઈક પ્રાઈસવાળો પુટ ઓપ્શન ૧૦ ગ્રામદીઠ રૂ.૧૫૩૧ ઘટી રૂ.૨૩૩૯ થયો હતો. આ સામે ચાંદી માર્ચ રૂ.૨૦૦૦૦૦ની સ્ટ્રાઈક પ્રાઈસવાળો પુટ ઓપ્શન કિલોદીઠ રૂ.૩૧૬ ઘટી રૂ.૧૧૯૦ થયો હતો. તાંબું માર્ચ રૂ.૧૨૦૦ની સ્ટ્રાઈક પ્રાઈસવાળો પુટ ઓપ્શન કિલોદીઠ રૂ.૨.૫૩ ઘટી રૂ.૨૨.૫૯ થયો હતો. જસત માર્ચ રૂ.૩૨૦ની સ્ટ્રાઈક પ્રાઈસવાળો પુટ ઓપ્શન કિલોદીઠ ૬૦ પૈસા વધી રૂ.૫.૯ થયો હતો.

મિની પુટ ઓપ્શન્સમાં ક્રૂડ તેલ-મિની માર્ચ રૂ.૬૬૦૦ની સ્ટ્રાઈક પ્રાઈસવાળો પુટ ઓપ્શન બેરલદીઠ રૂ.૫૪.૫૫ ઘટી રૂ.૪૭૬.૯૫ થયો હતો. નેચરલ ગેસ-મિની માર્ચ રૂ.૨૭૦ની સ્ટ્રાઈક પ્રાઈસવાળો પુટ ઓપ્શન એમએમબીટીયૂદીઠ રૂ.૪.૨૫ ઘટી રૂ.૧૬.૭૫ થયો હતો. સોનું-મિની માર્ચ રૂ.૧૬૦૦૦૦ની સ્ટ્રાઈક પ્રાઈસવાળો પુટ ઓપ્શન ૧૦ ગ્રામદીઠ રૂ.૧૫૭૪ ઘટી રૂ.૨૪૦૦ થયો હતો. ચાંદી-મિની માર્ચ રૂ.૨૫૦૦૦૦ની સ્ટ્રાઈક પ્રાઈસવાળો પુટ ઓપ્શન કિલોદીઠ રૂ.૨૬૪૪ ઘટી રૂ.૫૬૯૦.૫ના ભાવે બોલાયો હતો.

# પ્રાચીન પરંપરા મુજબ દુલ્હો ૨૫ બળદ ગાડાઓમાં ૦૩ કિલોમીટર જેટલી મંજીલ કાપી પરણવા નીકળ્યો

(છગનલાલ મેવાડા ધ્વારા) સુરત

આજના આધુનિક યુગમાં પરણવા જનારા પોત પોતાની હેસિયત મુજબ જાન લઈને જતાં હોય છે. જેમાં સ્પેશિયલ હેલિકોપ્ટર થી લઈને પ્લેનમાં પણ જાન ગઈ હોવાના સમાચારો અખબારોમાં ચમકી ચૂકયા છે. ત્યારે આજે આ મોર્ડન યુગમાં પણ પ્રાચીન પરંપરા જેવી જૂની યાદોને તાજી કરનારા વિરલાઓ પડયા છે. અને આવો જ વિરલો છે ઉત્તરપ્રદેશના હમીરપુર જિલ્લાના ગુડા ગામનો. જેનું નામ છે મોહિત ધ્વિવેદી આ ગુડા ગામનો રહેવાસી તેના લગ્નમાં બળદ ગાડામાં જાન લઈ જવાની જૂની પરંપરાને અનુસરીને તેણે જ્યાં તેના લગ્ન થવાના હતા એ જલાલપુર ગામની મોહિની પાઠક સાથે થવાના હતા.





એટલે આ દુલ્હાએ અને કન્યાએ આધુનિકીકરણ ને કારણે ૫૦ વર્ષથી બંધ થઈ ગયેલી પરંપરાને ફરીથી જીવંત કરવાનું નક્કી કર્યું હતું. ગામડાના લોકો એ પણ તેને સહયોગ આપ્યો હતો.

મોહિતે આસપાસના ગામડાઓમાથી પચ્ચીસ બળદગાડા મેળવ્યા અને સાદગીથી સજાવ્યા તથા એમાં બેસીને જાનૈયાઓને લઈ ને દુલ્હનને પરણવા પહોંચ્યો હતો. પચ્ચીસ બળદગાડાની જાન લગભગ ૩ કિલોમીટર લાંબી હતી. ત્રણ દિવસ સુધી ગામમાં સાદગીભર્યો લગ્નોત્સવ ચાલ્યો અને પછી એ જ બળદગાડાઓમાં બેસી ને દુલ્હનની વિદાઈ થઈ હતી.

લગ્ન મંડપમાં **DJ** ને બદલે પરંપરાગત વાઘો અને મહિલાઓ ધ્વારા ગવાયેલા બુંદેલખંડી ગીતોની મજા માણી જાન પાછી ફરી હતી.

# ગુજરાતના ૧૦ ડેમોમાં ગંભીર ખામીઓ મળતા તંત્ર દોડતુ થયુ : મચ્છુ ૨ ડેમ ના દરવાજા બદલવા ભલામણ

પ્રતિનિધિ,ગાંધીનગર

ડેમોની સલામતીનો મુદ્દો લોકસભામાં ઉઠયો હતો. ત્યારે કેન્દ્ર ની સુચનાને પગલે ગુજરાતમાં ડેમોની સલામતીને લઈને ચકાસણી કરવામાં આવી હતી. જેમાં દસેક ડેમોમાં ગંભીર ખામી જોવા મળી હતી. જેના પગલે સરકારની ચિંતામાં વધારો થયો છે. વિધાનસભા ગૃહમાં ગુજરાત રાજય બંધ સલામતી સંગઠનો એક રીપોર્ટ રજુ કરવામાં આવ્યો હતો. જેમાં એવા તારણો રજુ કરાયા કે રાજયમાં કુલ ૫૨૪ ડેમોની તપાસ કરવામાં



આવી હતી. જેમાં દસેક ડેમોમાં ગંભીર ખામી જોવા મળી, જેમ કે મોરબીના મચ્છુ -૨ ની સલામતી સુનિશ્ચિત કરવા ડેમના દરવાજા બદલવા માટે ભલામણ કરવામાં આવી હતી. મોરબી જિલ્લાના ડેમી ૩ માં ખામી જોવા મળી હતી. આ ડેમમાં થાંભલાનુ નિરીક્ષણ કરતા ચિંતાજનક સ્થિતિ દેખાઈ હતી. કોંક્રિટ માં ખાલી જગ્યા જોવા મળી હતી. ડોન ડેમ, ભરપર ડેમ, ખંભાલા ડેમ, વેણગાડી ડેમ, ફોડાર્નેસ ડેમ, મંજલ રેલડીયા ડેમ, માલણ ડેમમાં ખામી હોવાનુ બહાર આવ્યુ હતું. આ ડેમોમાં રીટેનીંગ ધોવાઈ ગઈ હતી, ભુસ્ખલનથી ડેમની દિવાલને નુકશાન પહોચ્યુ હતું. ડેમમાં લીકેજ જોવા મળ્યુ હતું. સ્પિલવે બોડી વોલમાં તિરાડો જોવા મળી હતી. ડેમના ઓટોમેટીક ગેટ ને કાટ લાગ્યો હતો. આ ખામીઓને લીધે ચોમાસા પહેલા ડેમોનુ સમારકામ પૂર્ણ કરવા સરકારે લક્ષ્યાંક રાખ્યો છે.

# સેવા ભાવનાને મજબૂત બનાવવા ભાવનગર રેલવે મંડળની મહત્વપૂર્ણ પહેલઃ “સેવા સંકલ્પ પ્રસ્તાવ”ના અસરકારક અમલીકરણ માટે ઉચ્ચસ્તરીય બેઠક યોજાઈ

ભારતીય રેલવે દ્વારા નાગરિક-કેન્દ્રિત, જવાબદાર તથા સંવેદનશીલ પ્રશાસનને વધુ સશક્ત બનાવવા માટે સ્વીકારવામાં આવેલા “સેવા સંકલ્પ પ્રસ્તાવ”ના અસરકારક અમલીકરણની દિશામાં પશ્ચિમ રેલવેના ભાવનગર મંડળ ખાતે એક મહત્વપૂર્ણ ઉચ્ચસ્તરીય બેઠકનું આયોજન મંડલ રેલ પ્રબંધક કાર્યાલય, ભાવનગર પરા સ્થિત સભાખંડમાં કરવામાં આવ્યું હતું. બેઠકની અધ્યક્ષતા મંડલ રેલ પ્રબંધક શ્રી દિનેશ વર્માએ કરી હતી. આ પ્રસંગે અપર મંડલ રેલ પ્રબંધક શ્રી ઋત્વિક શર્મા સહિત મંડળના તમામ વિભાગોના વરિષ્ઠ અધિકારીઓ હાજર રહ્યા હતા.




ભાવનગર મંડળના વરિષ્ઠ મંડલ વાણિજ્ય પ્રબંધક શ્રી અતુલ કુમાર ત્રિપાઠીના જણાવ્યા અનુસાર બેઠક દરમિયાન સેવા સંકલ્પ પ્રસ્તાવનું વિધિવત વાચન કરવામાં આવ્યું તેમજ તેના હેતુઓ, કાર્યસંસ્કૃતિમાં અપેક્ષિત પરિવર્તન તથા ક્ષેત્રિય સ્તરે તેના અસરકારક અમલીકરણ માટેના ઉપાયો અંગે વિસ્તૃત ચર્ચા કરવામાં આવી. અધિકારીઓએ સેવા ભાવના, પારદર્શિતા, જવાબદારી તથા જનહિતને સર્વોચ્ચ પ્રાથમિકતા આપવાની આવશ્યકતા પર ભાર મૂક્યો.

તેમના અધ્યક્ષીય સંબોધનમાં મંડલ રેલ પ્રબંધક શ્રી દિનેશ વર્માએ જણાવ્યું કે ભારતીય રેલવે માત્ર પરિવહન સેવા જ નથી, પરંતુ દેશના કરોડો નાગરિકોના જીવન સાથે જોડાયેલી એક મહત્વપૂર્ણ જાહેર વ્યવસ્થા છે. આવા સંજોગોમાં મુસાફરો તથા સામાન્ય નાગરિકોને આપવામાં આવતી સેવાઓને વધુ અસરકારક, સમયબદ્ધ, સંવેદનશીલ તથા પરિણામમુખી બનાવવી દરેક રેલ અધિકારી અને કર્મચારીની પ્રાથમિક જવાબદારી છે. તેમણે સેવા સંકલ્પની ભાવનાને દૈનિક કાર્યપ્રણાલીમાં આત્મસાત કરીને ઉત્તમ સેવા પ્રદાન કરવા આહ્વાન કર્યું.

બેઠકમાં ઉપસ્થિત તમામ અધિકારીઓએ રેલવે દ્વારા ઉપલબ્ધ કરાવવામાં આવતી મુસાફર સુવિધાઓ તથા પ્રશાસનિક સેવાઓને વધુ કાર્યક્ષમ, પારદર્શક તથા જનહિતકારી રીતે અમલમાં મૂકવાનો સામૂહિક સંકલ્પ લીધો. સાથે સાથે “નાગરિક દેવો ભવ”ની ભાવનાને અનુરૂપ સેવા-કેન્દ્રિત કાર્યસંસ્કૃતિ અપનાવીને રાષ્ટ્ર નિર્માણમાં સક્રિય યોગદાન આપવા પ્રતિબદ્ધતા વ્યક્ત કરી.

આ બેઠક ભાવનગર મંડળમાં ઉત્તમ પ્રશાસનિક કાર્યપ્રણાલી, ગુણવત્તાસભર સેવાઓ તથા વિકસિત ભારતના રાષ્ટ્રીય સંકલ્પને ગતિ આપવાના દિશામાં એક મહત્વપૂર્ણ પગલું સાબિત થશે.

### વાલ્મીકિ સમાજની શ્રધ્ધાંજલી

# વાલ્મીકિ સમાજ ના સામાજિક કાર્યકર અમૃતભાઈ સોલંકી ના પુત્ર શશિકાંત સોલંકી નું દુઃખદ અવસાન

(છગનલાલ મેવાડા ધ્વારા) સુરત

સુરત જિલ્લા હરીજન સેવા મંડળના ઉપપ્રમુખ તેમજ ગુજરાત પ્રદેશ મહાનગરપાલિકા કર્મચારી કોંગ્રેસના ઉપપ્રમુખ અને સેવાભાવી વાલ્મિકી સમાજના આગેવાન અમૃતભાઈ સોલંકી ના પુત્ર શશીકાંત સોલંકી નું તા.૨૮/૦૨/૨૦૨૬ ના રોજ દુઃખદ અવસાન થયેલ છે. શશીકાંત સોલંકી ડ્ઢ.ઈ સિવિલ થયો હતો અને બાંધકામ ક્ષેત્રે સારી કામગીરી કરી રહેલ હતા. તેઓ તા.૦૯/૦૨/૨૦૨૬ ના રોજ થી કમળાની બીમારી સામે ઝઝૂમી રહ્યા હતા. તેઓના પિતા અમૃતભાઈ સોલંકીએ સુરત શહેરની મોટી મોટી હોસ્પિટલોમાં સારવાર કરાવી હતી. પરંતુ શશીકાંત ને બચાવી શક્યા નથી. શશીકાંત સોલંકીની બેસણાની વિધિ ૦૬/૦૩/૨૦૨૬ ના રોજ સાંજના ૪:૦૦ કલાકે ઓરણા મુકામે રાખવામા આવેલ છે.ગુજરાત પ્રદેશ મહાનગરપાલિકા કર્મચારી કોંગ્રેસના પ્રદેશ પ્રમુખ ભાઈલાલ બી. વૈષ્ણવ, મેડિકલ કોલેજ સુરત ના પ્રિવેન્ટિવ એન્ડ સોશિયલ મેડિસિન વિભાગના નિવૃત્ત પ્રોફેસર ડો.એસ.એલ.કંથારીયા, ગુજરાત પ્રદેશ વાલ્મીકિ સમાજના કાર્યકારી પ્રમુખ શશિકાંત સોલંકી, ઉપપ્રમુખ સતિષભાઈ સોલંકી, એડવોકેટ અશ્વિન બી. વૈષ્ણવ, હિતેશભાઈ વાઘેલા ભાદા વિગેરે એ મહરૂમ આત્માને શ્રધ્ધાંજલિ આપી તેઓના આત્માને જગત નિયંતા પરમેશ્વર શાંતિ આપે અને તેઓના પરિવાર પર આવી પડેલ વિપદા સહન કરવાની શક્તિ આપે તે માટે પ્રાથના કરીએ છીએ.



# હોળી ધુળેટીમાં રંગમાં ભંગ ન પડે તે માટે ૧૦૮ સજ્જઃ રાજયભરમાં ૧૭૫૦ થી વધુ એમ્બ્યુલન્સ તૈનાત

પ્રતિનિધિ,ગાંધીનગર

ગુજરાતમાં હોળી અને ધુળેટના પર્વની ઉજવણીને લઈને લોકોમાં ભારે ઉત્સાહ છે. ત્યારે બીજી તરફ કોઈપણ કટોકટીની સ્થિતિને પહોચી વળવા માટે ૧૦૮ ઈમરજન્સી સેવાએ કમર કસી લીધી છે. તહેવારના દિવસોમાં અકસ્માતો અને ઈમરજન્સી કેસમાં થતા સંભવીત વધારાને ધ્યાનમાં રાખીને રાજયવ્યાપી વિશેષ એકસન પ્લાન તૈયાર કરવામાં આવ્યો છે. આ વરસે હોળી ધુળેટી દરમિયાન રાજયમાં કુલ ૧૭૫૦ થી વધુ એમ્બ્યુલન્સ ખડે પગે રાખવામાં આવશે. જેમાં ૧૦૮ સેવાની પોતાની ૮૦૦ જેટલી એમ્બ્યુલન્સ અને વિવિધ સરકારી હોસ્પીટલોની ૫૦૦ થી વધુ એમ્બ્યુલન્સ નો સમાવેશ થાય છે. ધુળેટીના દિવસે સામાન્ય દિવસો કરતા ઈમરજન્સી કેસમાં ૪૪ ટકા જેટલો વધારો થવાની શકયતા સેવાઈ રહી છે. જેને પહોચી વળવા માટે સ્ટાફની રજાઓ રદ કરી દેવામાં આવી છે. દર્દી સુધી પહોચવાનો સમય એટલે કે રીસ્પોન્સ ટાઈમ ઘટાડવા માટે આ વખતે ટેકનોલોજીનો મહત્તમ ઉપયોગ કરવામાં આવ્યો છે. ગુગલ મેપ્સ ની મદદથી રાજયના એવા વિસ્તારો નકકી કરવામાં આવ્યા છે. જયાં અકસ્માત કે ઈમરજન્સીની શકયતા વધુ હોય છે. આવા હોટસ્પોટ્સ પર એમ્બ્યુલન્સ ને અગાઉ થી જ તૈનાત કરી દેવામાં આવી છે. જેથી કોલ મળતા જ ગણતરીની મીનીટોમાં મદદ પહોચાડી શકાય. ધુળેટીના દિવસે માર્ગ અકસ્માત, રંગોના કારણે આંખમાં થતી ઈજાઓ, ઉંચાઈ પરથી પડવા કે મારા મારી જેવા કિસ્સાઓ વધુ નોંધાતા હોય છે. આ તમામ બાબતોને ધ્યાનમાં રાખીને પેરામેડીકલ સ્ટાફ ને વિશેષ તાલીમ અને જરૂરી દવાઓનો જથ્થો ઉપલબ્ધ કરાવાયો છે. તંત્ર દ્વારા નાગરીકોને પણ અપીલ કરવામાં આવી છે કે તેઓ સાવચેતી પૂર્વક તહેવાર ઉજવે અને કોઈપણ કટોકટીના સમયે તુરંત ૧૦૮ પર સંપર્ક કરે.




# ગુજરાત સરકારનુ મોટુ માર્કેટીંગ : પ્રચાર પાછળ પ્રજાના ૧૦૮ કરોડ ખર્ચાયા

પ્રતિનિધિ,ગાંધીનગર

ગુજરાતમાં કાયદો અને વ્યવસ્થાની સ્થિતિ કથળી છે. બેરોજગારીની સમસ્યા ફેણ માંડીને ઉભી છે. કારમી મોંઘવારીમાં આમ જનતા પીસાઈ રહી છે. જીવન જીવવુ દોહીલુ બન્યુ છે. ત્યારે પ્રજાલક્ષી અસરકારક કામગીરી કરવાને બદલે રાજય સરકાર માત્ર ને માત્ર પ્રચાર માર્કેટીંગ કરવાનો ચાલુ રાખ્યુ છે. વાહવાહી મેળવવા માટે રાજય સરકારે ૧૦૮ કરોડ રૂપીયાનુ આંધણ કર્યુ છે. ભાજપ સરકાર તો ઠીક, મંત્રીઓના પીએપીએસ ને પણ સોશીયલ મીડીયામાં પ્રચાર કરવા સુચના આપવામાં આવી છે. વિવિધ મંત્રાલયના સોશીયલ મીડીયાના પેજ બનાવી ધુમ પ્રચાર કરવા આયોજન કરાયુ છે. પોતાના જ વિભાગની કામગીરી લોકો સુધી પહોચાડવા માટે સરકારે સોશીયલ મીડીયાનો સહારો લીધો છે. સરકારે પ્રચાર પ્રસાર કરવા સોશીયલ મીડીયા ઈન્ફલુ એન્સરો ની પણ મદદ લીધી છે. જેના માટે પુરો ખર્ચ કરવામાં આવી રહ્યો છે. ખુદ સરકારે વિધાનસભામાં આ વાતનો ઉલ્લેખ કર્યો હતો કે રાજય સરકારે સોશીયલ મીડીયા અને પ્રિન્ટ મીડીયામાં જાહેરાતો પાછળ ૧૦૮ કરોડ રૂપીયા ખર્ચ કર્યો છે. વિપક્ષનો આક્ષેપ છે કે જો સરકાર પ્રજાલક્ષી કામો કરતી હોય તો પછી કામ કરતી સરકાર હોવાનો પ્રસ્થાપિત કરવા જાહેરાત / માર્કેટીંગ કેમ કરવુ પડે તે સમજાતુ નથી, પ્રજાના ટેક્ષના પૈસા સરકાર વાહવાહી માટે ખર્ચી રહી છે જે યોગ્ય નથી.

# કેજરીવાલ સહિત અન્યોનો નિર્દોષ છુટકારો CBI માટે શરમજનક?

(છગનલાલ મેવાડા ધ્વારા) સુરત

દેશની સુપ્રીમકોર્ટ જેવી સર્વોચ્ચ અદાલતે પણ જે રીતે તપાસ એજન્સીઓ CBI, ED, IT વિગેરે સંસ્થાઓની સમયાંતરે ઝાટકણી કાઢી છે તે ખરેખર સદર સંસ્થાઓ માટે ઢાંકણીમાં પાણી લઈ ને ડૂબી મરવા જેવી બાબત છે. પરંતુ કોને ખબર કેમ આવી ટોચની એજન્સીઓ સુધરવાનું નામ નથી લઈ રહી. પોતાની કામગીરી સુધારવાને બદલે ઉલ્ટાની વધારે બગાડી રહી હોવાનો વધુ એક ઘટનાક્રમ છે. આમ આદમી પાર્ટીના સુપ્રીમો અને પૂર્વ મુખ્યમંત્રી અરવિંદ કેજરીવાલ તેમજ તેમના વરિષ્ઠ નેતાઓનો એકસાઈઝ કેસમાં જે રીતે નિર્દોષ છુટકારો થયો છે. એ જોતાં જ તપાસનિશ એજન્સીઓ શંકાના ઘેરામાં આવી જાય છે.

એવા દેશના રાજકારણમાં ભારે હલચલ મચાવી દેનારા આ કેસમાં આમ આદમી પાર્ટીને તો ભારે નુકશાન વેઠવાનું આવ્યું અને દિલ્હીમાંથી આ પ્રકરણ બાદ સત્તા પણ ગુમાવવી પડી હતી. તેમજ કેજરીવાલ ,મનોજ સિસોદિયા વગેરે જેવા વરિષ્ઠ નેતાઓને જેલ વાસ પણ ભોગવવાની નોબત આવી હતી. ત્યારે સ્વાભાવિક પણે જ CBI કે ED ની કામગીરીની ભારે ટીકા થવાની જ.

સેન્ટ્રલ બ્યૂરો ઓફ ઈન્વેસ્ટિગેશન (CBI) અને એન્ફોર્સમેન્ટ ડિરેક્ટોરેટ (ED) ને અગાઉ તેમની કાર્ય પધ્ધતિ અને તપાસ પધ્ધતિ અંગે પ્રશ્નોનો સામનો કરવો પડયો છે. આ એજન્સીઓ જે છબી રજૂ કરી રહી છે તેના અંગે પણ ચિંતા વ્યકત કરવામાં આવી છે. જોકે દિલ્હી દારૂ નીતિ કૌભાંડ અંગેના ખાસ અદાલતના નિર્ણયથી ફરી એકવાર સવાલો ઊભા થયા છે કે શું આ એજન્સીઓ રાજકારણીઓ અને અન્ય વ્યક્તિઓ સામે ઈરાદાપૂર્વક કેસ કરી રહી છે? અને શું તેનો દુરુપયોગ થઈ રહ્યો છે?

પરંતુ આઘાતજનક રીતે વિરોધ પક્ષો અને અદાલતો ધ્વારા વારંવાર પ્રશ્નો ઉઠાવવામાં આવ્યા હોવા છતાં ED અને CBI ની કાર્યપધ્ધતિ માં કોઈ ફેરફાર થયો નથી.

ED ધ્વારા નોંધાયેલા તમામ કેસોમાં દોષિત ઠેરવવાનો દર સાવ ઓછો છે અને આવું શા માટે છે તે ધ્યાનમાં લેવું જરૂરી છે. શું એ ચિંતાનો વિષય ન હોવો જોઈએ કે આ એજન્સીઓની વિશ્વસનીયતા જે ફકત તેમની કાર્યશૈલીને કારણે જ પ્રશ્નાર્થમાં મુકાઈ રહી છે. તે જે કોઈ સાચા કેસો હશે તેમાં પણ તેમની વિશ્વસનીયતા દાવ પર નહીં મુકાય? આમ તપાસ એજન્સીઓ જાણે કે કોઈના ઈશારે કામગીરી કરી કઠપૂતળી બની ગઈ હોય એવું જનમાનસમા અંકિત થઈ રહ્યું છે.

### પાક વેચ્યા બાદ પણ કાંઈ બચતું નથી, માટે પાકની હોળી કરીઃ પ્રવીણ રામ

# AAP નેતા પ્રવીણ રામે ખેડૂતોની સાથે ખેતરમાં પકવેલા પાકની હોળી કરી સરકાર સામે સાંકેતિક વિરોધ દર્શાવ્યો

### આ સાંકેતિક વિરોધમાં પ્રવિણ રામની સાથે બ્રીજરાજ સોલંકી, જીગીષાબેન પટેલ તેમજ યોગેશભાઈ પણ જોડાયા






અમદાવાદ/રાજકોટ/ગુજરાત

આમ આદમી પાર્ટી ફ્રન્ટલ પ્રદેશ અધ્યક્ષ પ્રવીણ રામે જસદણમાં ખેડૂતો સાથે કંઈક અલગ રીતે હોળી મનાવી હતી. AAP નેતા પ્રવીણ રામે જણાવ્યું હતું કે અત્યારે જે "પરિવર્તન લાવો, કિસાન બચાવો" યાત્રા સમગ્ર ગુજરાતમાં પરિભ્રમણ કરી રહી છે, સોમનાથથી શરૂ થઈ યાત્રા આજે રાજકોટ જિલ્લાના જસદણ ગામના આંબડી ગામે પહોંચી છે. આજે હોળીનો તહેવાર છે. આ ગામમાં અમારી એક ચૌપાલ બેઠક હતી. આ ચૌપાલ બેઠકની અંદર ગામના અમુક ખેડૂતોએ અમારી સામે એવી ઈચ્છા વ્યક્ત કરી કે, ગમે તે પાક વાવીએ પરંતુ કંઈ વળતર મળતું નથી. આ સરકારમાં ભાવ વધતા નથી. ગમે તે કરીએ, અંતે સરવાળે બધું હતું ત્યાં જ રહે છે. એક-બે ખેડૂતોએ એવી ઈચ્છા વ્યક્ત કરી કે અમારે અમારા ખેતરે ચણા વાવ્યા છે. આજે હોળીનો તહેવાર છે, તો ચણાનો ઢગલો કરીને અમે ચણા બાળી સાંકેતિક રીતે હોળી ઉજવીશું. સરકાર સુધી વાત પહોંચાડવી છે કે અમને ભાવ નથી મળતા, એટલા માટે આ રીતે અમે હોળી કરીએ છીએ

પ્રવીણ રામે વધુમાં જણાવ્યું હતું કે ખેડૂતોની ઈચ્છાને માન આપીને ગામના જનકભાઈના ખેતરે આવ્યા છીએ. ખેડૂતોને ભાવ મળતા નથી એટલે હોળીનો તહેવાર આ રીતે ઉજવવાનું આયોજન કર્યુ છે. એટલે અમે એમની લાગણીના આધારે અહીં આવ્યા છીએ. સરકારે બજેટમાં ખેડૂતને કંઈ આપ્યું નથી. એટલે આજે ખેડૂતોના કહેવા મુજબ બજેટના કાગળ પણ હોળીમાં હોમીશું. બજેટના કાગળ અમે હોળીમાં નાખવાના છીએ એટલે સરકારને ખ્યાલ આવે, ખબર પડે કે બજેટમાં ગુજરાતના ખેડૂતોને કંઈ મળ્યું નથી. આ થકી આખા ગુજરાતના ખેડૂતો સુધી સરકારને સંદેશ મોકલવા માંગીએ છીએ.

# ભારતમાં પેટ્રોલ ડીઝલની સપ્લાયમાં કોઈ મોટી અસર પડે તેવુ લાગતુ નથીઃ પેટ્રોલીયમ ડીલર્સ એસોસીએશન ઉપપ્રમુખ



પ્રતિનિધિ,ગાંધીનગર

ઈરાન અને ઈઝરાયેલ સહિતના દેશોમાં સર્જાયેલી યુદ્ધની સ્થિતિને પગલે ક્રુડ ઓઈલના ભાવ અને પેટ્રોલ ડીઝલની સપ્લાયને લઈને સામાન્ય જનતામાં ચિંતા જોવા મળી રહી છે.

આ પરીસ્થિતિ વચ્ચે ફેડરેશન ઓફ ગુજરાત પેટ્રોલીયમ ડીલર્સ એસોસીએશનના ઉપપ્રમુખ મેહુલ પટેલે ગરવી ગુજરાત સાથેની ટેલીફોનીક વાતચીતમાં જણાવ્યુ હતુ કે છેલ્લા ૩-૪ દિવસથી યુદ્ધ જેવી સ્થિતિ હોવા છતાં ભારતમાં પેટ્રોલ ડીઝલની સપ્લાયમાં કોઈ મોટી અસર પડે તેવુ લાગતુ નથી. તેમણે આ પાછળનુ ગણિત સમજાવતા કહ્યુ હતુ કે ભારત તેના ક્રુડ ઓઈલનો મોટા ભાગનો જથ્થો રશિયા અને અમેરીકા પાસેથી મેળવે છે. સાઉદી અરેબીયા અને ઈરાન જેવા મધ્ય પૂર્વ ના દેશો પાસેથી ભારત માત્ર ૨૫ ટકા જેટલો જ જથ્થો મંગાવે છે. આથી યુદ્ધગ્રસ્ત વિસ્તારોમાંથી આવતા જથ્થામાં થોડો ફેરફાર થાય તો પણ રશિયા અને અમેરીકાથી સપ્લાય ચાલુ હોવાથી કોઈ મોટી કટોકટી સર્જાશે નહી. સામાન્ય જનતા માટે રાહતના સમાચાર એ છે કે હાલમાં પેટ્રોલ અને ડીઝલના ભાવો વધવાની શકયતા ખુબ જ ઓછી છે.

એસોસીએશનના જણાવ્યા મુજબ કેન્દ્ર સરકારે છેલ્લા લાંબા સમયથી પેટ્રોલ ડીઝલના ભાવમાં કોઈ વધારો કર્યો નથી. જયાં સુધી આંતરરાષ્ટ્રીય બજારમાં ક્રુડ ઓઈલની કિંમત ૧૦૦ ડોલર પ્રતિ બેરલ સુધી ન પહોચે ત્યાં સુધી ભાવ વધારાની શકયતા નહીવત છે. આમ હાલની સ્થિતિએ ગુજરાત અને ભારતભરમાં પેટ્રોલીયમ પેદાશોના ભાવ સ્થિર રહેવાની આશા છે અને સપ્લાય ચેઈન સુરક્ષિત હોવાનુ એસોસીએશન માની રહ્યુ છે.

# વલસાડના નાગરીક ઈરાનના ચરક શહેરમાં ફસાયાઃ યુદ્ધની સ્થિતિને લઈને પરીવારજનો ચિંતાતુર



પ્રતિનિધિ,ગાંધીનગર

તસવીર યુનુસ મેમણ

વલસાડના કકવાડી વિસ્તારમાં રહેતા જયંતિભાઈ ટંડેલ જેઓ ઈરાનના ચરક શહેરમાં એક વરસથી કામ અર્થે ગયા હતા. તે હાલમાં ઈરાનમાં ફસાયા છે. છેલ્લા ૩ દિવસથી તેમના પરીવારજનો તેમના સંપર્કની કોશિષ કરી રહ્યા છે. પરંતુ તેઓનો સંપર્ક થઈ શકતો નથી.

ઈઝરાયેલ અને ઈરાન વચ્ચે છેલ્લા બે દિવસથી ભીષણ યુદ્ધ ફાટી નીકળ્યુ છે. અમેરીકાએ પણ આ યુદ્ધમાં ઈઝરાયેલને મદદ કરી છે, પરીણામે ગલ્ફના દેશોમાં પણ ઈરાન અમેરીકાની સંપત્તિઓ પર હુમલા કરી રહ્યુ છે. વલસાડના કકવાડી વિસ્તારના જયંતિભાઈ ટંડેલ ઈરાનના ચરક શહેરમાં છેલ્લા એક વર્ષથી કામ કરી રહ્યા છે. જયંતિભાઈના પુત્રે જણાવ્યુ હતુ કે ૩ દિવસ પહેલા પિતા સાથે વાત થઈ હતી અને તેઓએ યુદ્ધની સ્થિતિ અંગે જણાવતા કહ્યુ હતુ કે ત્યાં સ્થિતિ વધુ ઉગ્ર બની રહી છે.

પરીવારે જણાવ્યુ હતુ કે અમે સતત ૩ દિવસથી તેમને ફોન પર સંપર્ક કરવાનો પ્રયાસ કરી રહ્યા છીએ. પરંતુ કોઈ જવાબ નથી મળી રહ્યો. હાલની પરીસ્થિતિને જોતા જયંતિભાઈનો પરીવાર ચિંતાતુર બની ગયો છે. જેમ બને તેમ જલ્દી તેમનો સંપર્ક થાય તે માટે તેમણે પ્રયાસ શરૂ કર્યો છે.

# મોરબીમાં યુવકની હત્યા મામલે મુસ્લીમ સમાજમાં ઉગ્ર રોષ : બેનરો સાથે મુસ્લીમ સમુદાયે કલેકટર કચેરીએ જઈ કરી રજુઆત



પ્રતિનિધિ,ગાંધીનગર

મોરબીમાં તાજ મોહંમદ ભટ્ટીના અપહરણ બાદ હત્યા કરી લાશ સળગાવી દાટી દેવાના કેસમાં ઘેરા પ્રત્યાઘાતો પડયા છે. સુન્ની મુસ્લીમ કસ્બા જમાત દ્વારા કલેકટર અને પોલીસવડાને આવેદનપત્ર આપી કડક કાર્યવાહીની માંગ કરવામાં આવી છે.

જમીન અને પૈસાની લાલચમાં થયેલી આ ઘાતકી હત્યા મામલે મુસ્લીમ સમાજના લોકો બેનરો સાથે રજુઆત કરવા ઉમટી પડયા હતા. બી ડીવીજન પોલીસે આ ગુન્હામાં પાંચ આરોપીઓની ધરપકડ કરી છે. જયારે હજુ બે ફરાર આરોપીઓની શોધખોળ જારી છે.

### AAP નેતા પ્રવિણ રામ અને જીગીશા પટેલે સભા દરમિયાન ભાજપ પર કર્યા આકરા પ્રહાર

# AAPની "પરિવર્તન લાવો, કિસાન બચાવો યાત્રા" દરમિયાન રાજકોટ અને ગોંડલમાં ભવ્ય સભા યોજાઈ

### ગુજરાતને સુરક્ષિત કહેવા વાળા ભાજપના લોકો જુએ કે ધોળા દિવસે જિગીષા પટેલ પર હુમલો કરવામાં આવ્યોઃ પ્રવિણ રામ AAP





અમદાવાદ/રાજકોટ/ગુજરાત

AAP ફ્રન્ટલ સંગઠન પ્રમુખ પ્રવિણ રામના ગુજરાતના ખેડૂતો માટે ૧૦૮ દિવસના જેલવાસ બાદ શરૂ થયેલી "પરિવર્તન લાવો, કિસાન બચાવો યાત્રા" આજે રાજકોટ અને ગોંડલ ખાતે પહોંચી હતી. ત્યાં રાજકોટ અને ગોંડલમાં સ્થાનિકોની ઉપસ્થિતિમાં વિશાળ સભાઓ યોજાઈ હતી. આ સભામાં રાજકોટ જિલ્લા પ્રમુખ તેજસ ગાજીપરા, AAP નેતા રાહુલ ભુવા અને મહિલા નેતા જિગીષા પટેલ સહિત જિલ્લાના હોદ્દેદારો અને કાર્યકર્તાઓ ઉપસ્થિત રહ્યા. ગોંડલ ખાતે સભામાં આમ આદમી પાર્ટીના યુવા અને કિસાન નેતા પ્રવીણ રામે જણાવ્યું હતું કે સોમનાથની ધરતી પરથી શરૂ કરીને આજે અમે ખેડૂતોની યાત્રા લઈને તમારી વચ્ચે આવ્યા છીએ. અમે ખેડૂતો માટે લડત લડતા હતા, આંદોલન ચલાવતા હતા અને એના માટે અમને જેલમાં નાખવામાં આવ્યા તેની સામે મને વાંધો નથી, પરંતુ નિર્દોષ ખેડૂતોને માર મારવામાં આવ્યો અને તેમને જેલમાં નાખવામાં આવ્યા તેની સામે અમને વાંધો છે અને આ ખેડૂતોને ન્યાય અપાવવા માટે અમે ફરીથી યાત્રા લઈને નીકળ્યા છીએ. બીજી ગંભીર બાબતે છે કે ભાજપના લોકો કહે છે કે અડધી રાત્રે પણ કોઈ દીકરી ઘરની બહાર નીકળી શકે છે એટલું સુરક્ષિત છે આપણું ગુજરાત. તો મારો સવાલ છે કે ધોળા દિવસે જીગીશા પટેલ, એક પાટીદાર - એક ગુજરાતની દીકરી પર હુમલો કરવામાં આવ્યો, તો ભાજપના લોકો શું કહેશે? જીગીશાબેન પટેલ પોતાના કામ માટે નહીં પરંતુ લોકોનો અવાજ ઉઠાવવા ગયા હતા. અમે વિપક્ષની ભૂમિકામાં છીએ તો અમારી જવાબદારી છે લોકો માટે અવાજ ઉઠાવવો. હુમલા બાદ પણ ફરિયાદ લખાવવામાં ખૂબ જ મહેનત કરવામાં આવી અને કેટલાય બુમબરાડા કર્યા ત્યારે તો ફરિયાદ લેવામાં આવી. આ ગુજરાતની ખરી વાસ્તવિકતા છે.

વધુમાં પ્રવીણ રામે સભાને સંબોધતા જણાવ્યું હતું કે જેલમાંથી પરત આવ્યા પછી તેમને સમજાયું કે જો ખોટી રીતે જેલમાં નાખવામાં આવે તો તેઓ ત્યાંથી પણ વધુ મજબૂત બનીને બહાર આવે છે. ખોટા આરોપો લગાવીને જેલમાં નાંખવામાં આવે તો નુકસાન નહીં, પરંતુ સંઘર્ષનો નફો મળે છે. તેમણે હડદડ ગામની ઘટનાનો ઉલ્લેખ કરતાં કહ્યું કે તે ઘટના જીવનમાં ક્યારેય ભૂલી શકાય તેવી નથી. ખેડૂતોને ઘરમાં ઘુસી મારવામાં આવ્યા, લાઠીચાર્જ કરવામાં આવ્યો. તેમણે પ્રશ્ન ઉઠાવ્યો કે ઘરમાં ઘુસી કોઈને મારવાની ફરજ પોલીસને કોણે આપી? ખેડૂતો પર બર્બરતા કરવામાં આવી, નિર્દોષ લોકોને પકડવામાં આવ્યા અને ખોટા કેસોમાં જેલમાં નાંખવામાં આવ્યા. ૭૫ વર્ષના વૃદ્ધ, જેમને પહેલેથી જ કેન્સર જેવી ગંભીર બિમારી હતી, તેમને પણ છોડવામાં આવ્યા નહોતા. કોઈ ગુનો ન હોવા છતાં લોકોને સતાવી જેલમાં મોકલવામાં આવ્યા. તેમણે જણાવ્યું કે જ્યારે તેમને પોલીસ સ્ટેશન લઈ જવામાં આવ્યા ત્યારે પોલીસે કોઈ વિડિયો કે પુરાવાની તપાસ કર્યા વગર નામો એફઆઈઆરમાં ઉમેર્યા. માત્ર આમ આદમી પાર્ટી સાથે જોડાયેલા હોવાના કારણે નામ દાખલ કરવામાં આવ્યા. ખેડૂતો માટે અવાજ ઉઠાવનાર તમામ લોકોના નામ એફઆઈઆરમાં નાખવામાં આવ્યા. તેમણે એક પોલીસ અધિકારીના નિવેદનનો ઉલ્લેખ કરતાં કહ્યું કે અધિકારીએ જણાવ્યું હતું કે દારૂ વેચનારા લોકો વધારે સારા છે. તેના જવાબમાં પ્રવીણ રામે કહ્યું કે પોલીસને દારૂ વેચનારા સારા લાગે કારણે કે તે હપ્તો આપે છે, ખેડૂતો હપ્તો આપતા નથી. ગુજરાતમાં દારૂબંધી હોવા છતાં કયા તાલુકામાં દારૂ મળતો નથી? અંતમાં તેમણે પોતાના વ્યક્તિગત અનુભવો શેર કરતાં કહ્યું કે જેલમાં હોવાને કારણે તેઓ પોતાના એક વર્ષના દીકરાના પ્રથમ જન્મદિવસે હાજર રહી શક્યા નહોતા. તેમણે દીકરાને પત્ર લખ્યો હતો કે આજે હું તારી સાથે નથી, કારણ કે હું ગુજરાતના ખેડૂતો માટે લડી રહ્યો છું. જ્યારે તું મોટો થશે, ત્યારે તને ગૌરવ થશે કે તારા પિતા ખેડૂતોના હકો માટે લડતા હતા.

# આયાતુલ્લાહ અલી ખામેની ના નિધન પર ભાવનગરમાં ઘેરો શોકઃ ખોજા શીયા સમાજે શ્રધ્ધાંજલી પાઠવી ૩ દિવસનો શોક જાહેર





પ્રતિનિધિ,ગાંધીનગર

તસવીર યુનુસ મેમણ

ગત શનિવાર થી ઈઝરાયેલ અને અમેરીકા તેમજ ઈરાન વચ્ચે યુદ્ધ શરૂ થયુ છે. આ યુદ્ધના પ્રથમ દિવસે જ ઈરાનના સર્વોચ્ચ નેતા આયાતુલ્લાહ સૈયદ અલી ખામેનીનુ મોત થયુ હતું. ત્યારે ઈરાનના સર્વોચ્ચ નેતા આયાતુલ્લાહ સૈયદ અલી ખામેની અને તેમની સાથેના અન્ય લોકોના મૃત્યુના પગલે ભાવનગરના ખોજા શીયા સમાજમાં ભારે શોકની લાગણી પ્રસરી ગઈ છે. ઈરાનના સુપ્રિમો આયાતુલ્લાહ સૈયદ અલી ખામેનીના નિધન સંદર્ભે ભાવનગર ખોજા શીયા સમાજ દ્વારા શોક સભા યોજાઈ હતી. ભાવનગર શહેરના આંબાચોક ખાતે આવેલી ખોજા મસ્જીદમાં એક વિશાળ શોક સભાનુ આયોજન કરવામાં આવ્યુ હતુ જેમાં મોટી સંખ્યામાં લોકોએ ઉપસ્થિત રહીને આયાતુલ્લાહ સૈયદ અલી ખામેનીને શ્રધ્ધાંજલી અર્પણ કરી હતી. ખોજા શીયા સમાજ દ્વારા ઉંડા શોકની લાગણી સાથે ૩ દિવસનો શોક જાહેર કરવામાં આવ્યો છે. આ ૩ દિવસ દરમિયાન સમાજના પરીવારો પોતાના જ ઘરનુ કોઈ સ્વજન કાયમ માટે ચાલ્યુ ગયુ હોય તે રીતે શોક મનાવશે, જેમાં તેમના ખાવા પીવા અને કપડાં પહેરવાની રીત માં પણ સાદગી જોવા મળશે, ભાવનગર ખોજા શીયા સમાજના પ્રમુખ સુલતાન ગભરાણીએ આ અંગે માહિતી આપતા જણાવ્યુ હતુ કે મૌલાના અને પ્રેરણાસ્ત્રોત આયાતુલ્લાહ સૈયદ અલી ખામેની તેમના પરીવારજનો અને સાથીઓની શહદાતને પગલે સમાજ દ્વારા શાંતિપૂર્ણ રીતે શ્રધ્ધાંજલી પાઠવવામાં આવી હતી. આ શોક સભામાં ત્યાની એક કન્યાશાળામાં મૃત્યુ પામેલી ૪૦ થી ૫૦ નિર્દોષ દિકરીઓને પણ ભાવભીની શ્રધ્ધાંજલી આપવામાં આવી હતી. વધુમાં ભાવનગર ખોજા શીયા સમાજ દ્વારા પોતાના લોકોને એક દિવસ માટે સ્વૈચ્છિક રીતે ધંધા રોજગાર બંધ રાખવા માટે પણ અપીલ કરવામાં આવી છે. જેથી તેમના પ્રેરણાસ્ત્રોત આયાતુલ્લાહ સૈયદ અલી ખામેનીને યોગ્ય સન્માન અને શ્રધ્ધાંજલી આપી શકાય.

# હવામાન નિષ્ણાંત અંબાલાલ પટેલે કરી ભવિષ્યવાણીઃ વૈશ્વિક રાજનીતીમાં મોટી ઉથલ પાથલ થશેઃ મંગળ શનિનો યોગ ખતરનાક છે



પ્રતિનિધિ,ગાંધીનગર

દેશ-દુનિયા માટે મોટી ઉથલ પાથલ સર્જાઈ છે. સુર્યગ્રહન પછી વૈશ્વિક શાંતિ ડામાડોળ થઈ ગઈ છે, આ વચ્ચે અંબાલાલ પટેલે ગ્રહોના ચોઘડીયા જોઈને ભવિષ્યવાણી કરી છે. અંબાલાલ પટેલે જણાવ્યુ છે કે મહદઅંશે ગ્રહો રાહુલ અને કેતુ વચ્ચે છે. માર્ચ મહિનામાં મંગળ અને રાહુ સંજોગ સર્જાયા છે. સુર્ય મંગળના અંગારક યોગ મહદ અંશે રાહુ કેતુ વચ્ચેના ગ્રહોની વૈશ્વિક અશાંતિ સુચક છે. સુર્ય શનિ સંજોગ વૈશ્વિક રાજનીતીમાં ઉથલ પાથલ કરી શકે તેમ છે. માર્ચ મહિનામાં શું ઘટના બની શકશે તે સમય જ કહી શકે છે. એપ્રિલ મહિનામાં પણ મંગળ શનિના સંજોગો વિશ્વ માટે નબળા છે. સમુદ્રમા હલચલ જોવા મળે, મોજા ઉંચા ઉછળી શકે છે, એપ્રિલ અને મે સમુદ્ર ખતરનાક વાવાઝોડુ બનાવવાની શકયતા રહે છે. મશીનનો શનિ અને શનિ મંગળ યોગ જળસ્તર ઉપર પ્રભાવી શકે તેમ છે. ઈરાન અમેરીકામાં મધ્યસ્થીઓ સુલેહ કરાવશે, પરંતુ આંતરીક બાબતોના પડઘા વિશ્વ પર પડશે. અગાઉનુ સુર્યગ્રહણ અને ૩ માર્ચના ચંદ્રગ્રહણની અસરો દક્ષિણ અમેરીકા, પૂર્વીય યુરોપ, એશિયા, ઓસ્ટેલીયા અને આફ્રીકામાં મોટી રીતે અસર કરશે. હવામાન નિષ્ણાંતે કહ્યુ હતુ કે આગામી ૪૮ કલાકમાં ગરમી વધવાની શકયતા રહેશે. માર્ચ મહિનામાં સખત ગરમી પડશે. તારીખ ૮ અને ૧૦ એક પશ્ચિમ વિક્ષેપો આવવાની શકયતા રહેશે. પશ્ચિમ વિક્ષેપોની હલચલ ગુજરાતનુ હવામાન પણ પલટાશે. ૧૫ માર્ચ પછી ગુજરાતના હવામાનમાં પલટો આવશે, દેશ સહિત ગુજરાતના હવામાનમાં પલટો આવી શકે છે. તારીખ ૨૫ અને ૨૭ માર્ચ સુધી ગુજરાતના હવામાનમાં પલટો આવી શકે છે.

# ગુજરાત મહેસુલ પંચઃ અમદાવાદ દ્વારા આગામી ૧૧ મે થી ૭ જુન સુધી ઉનાળુ વેકેશન



પ્રતિનિધિ,ગાંધીનગર

ગુજરાત મહેસુલ પંચ અમદાવાદ દ્વારા વર્ષ ૨૦૨૬ માટે ઉનાળુ વેકેશન જાહેર કરવામાં આવ્યુ છે. ગુજરાત હાઈકોર્ટના નોટીફીકેશન અને મહેસુલ વિભાગના નિયમોને ધ્યાનમાં રાખીને આગામી તારીખ ૧૧ મે થી ૭ જુન ૨૦૨૬ દરમિયાન ઉનાળુ વેકેશન જાહેર કરવામાં આવ્યુ છે તેવુ ગુજરાત મહેસુલ પંચ અમદાવાદની યાદીમાં જણાવાયુ છે. અપીલ કે રીવીઝન અરજીઓ વગેરે સ્વીકારવા માટેની વ્યવસ્થા કરવામાં આવી છે.

યાદીમાં જણાવ્યા અનુસાર આ વેકેશન દરમિયાન અરજન્ટ હીયરીંગના કેસો જે કામ ચલાઉ મનાઈ હુકમવાળા તથા જે કેસોમાં વેકેશન પહેલા બંને પક્ષકારોએ સંમતિ આપી હોય અને તે સંમતિ પંચ દ્વારા ગ્રાહ્ય રાખવામાં આવી હોય તેવા કિસ્સા સિવાયની સુનવણીની કોઈ કામગીરી હાથ ધરવામાં આવશે નહી.

વધુમાં આ વેકેશન દરમિયાન ગુજરાત મહેસુલ પંચની કચેરીના કામકાજનો સમય રજાના દિવસો સિવાય સવારે ૧૦ :૩૦ કલાક થી સાંજે ૬:૧૦ સુધીનો રહેશે. આ સમય દરમિયાન અપીલ કે રીવીજન અરજીઓ વગેરે સ્વીકારવા માટેની વ્યવસ્થા કરવામાં આવી છે. જેથી અરજદારોને કોઈ મુશ્કેલી ન પડે.